અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા સુદ ૧૫ | અંક : ૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આ દુર્ઘટના રોપ-વેનો તાર તૂટી જવાને કારણે સર્જાઈ હતી

## પાવાગઢમાં અચાનક રોપ-વે તૂટતા ૬ લોકો કાળનો કોળિયો બન્યા

### અહીં ચાલી રહેલા બાંધકામના માલસામાનને લઈ જવા માટે ઉપયોગમાં લેવાતો માલવાહક રોપ-વેનો તાર તૂટી પડતા કમકમાટીભરી ઘટના બની

। (એજન્સી) પાવાગઢ, તા.૬ ।

પંચમહાલના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે એક અત્યંત કરુણ દુર્ઘટના બની છે. અહીં ચાલી રહેલા બાંધકામના માલસામાનને લઈ જવા માટે ઉપયોગમાં લેવાતો માલવાહક રોપ-વેનો તાર તૂટી પડતા ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. મૃતકોમાં બે લિફ્ટ ઓપરેટર અને બે શ્રમિકો સહિત અન્ય બે વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ ઘટનાને પગલે ભારે પવનના કારણે શ્રદ્ધાળુઓ માટેનો પેસેન્જર રોપ-વે પણ સુરક્ષાના કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે.

પંચમહાલના પાવાગઢમાં આવેલા પ્રસિદ્ધ શક્તિપીઠમાં આજે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં બાંધકામની સામગ્રી પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતો ગુડ્સ રોપ-વે તૂટી પડ્યો છે. આ દુર્ઘટનામાં કુલ ૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટના રોપ-વેનો તાર તૂટી જવાને કારણે સર્જાઈ છે. આ દુર્ઘટનાનો ભોગ બનેલાઓમાં ૨ લિફ્ટ ઓપરેટર, ૨ શ્રમિકો અને અન્ય ૨ વ્યક્તિઓ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે પણ આ ઘટનામાં ૬ લોકોના મોતની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે આગળની તપાસ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે પાવાગઢના માંચીથી મહાકાળી મંદિર સુધી શ્રદ્ધાળુઓને લાવવા-લઈ જવા માટેનો પેસેન્જર રોપ-વે અલગ છે. આજે અચાનક હવામાનમાં આવેલા ફેરફાર અને ભારે પવનને કારણે આ રોપ-વે પણ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બંધ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સ્પષ્ટ સૂચના ન મળે ત્યાં સુધી પેસેન્જર રોપ-વે બંધ રહેશે.





**ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી**

**આ દુર્ઘટનાનો ભોગ બનેલાઓમાં ૨ લિફ્ટ ઓપરેટર, ૨ શ્રમિકો અને અન્ય ૨ વ્યક્તિઓ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે પણ આ ઘટનામાં ૬ લોકોના મોતની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે આગળની તપાસ ચાલી રહી છે.**

### આ દુર્ઘટનાએ પાવાગઢના વિકાસકાર્ય અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા




**ઉલ્લેખનીય છે કે પાવાગઢના માંચીથી મહાકાળી મંદિર સુધી શ્રદ્ધાળુઓને લાવવા-લઈ જવા માટેનો પેસેન્જર રોપ-વે અલગ છે. આજે અચાનક હવામાનમાં આવેલા ફેરફાર અને ભારે પવનને કારણે આ રોપ-વે પણ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બંધ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સ્પષ્ટ સૂચના ન મળે ત્યાં સુધી પેસેન્જર રોપ-વે બંધ રહેશે. આ ઘટના બાદ, હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આ દુર્ઘટનાએ પાવાગઢના વિકાસકાર્ય અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તંત્ર દ્વારા હાલ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને ભવિષ્યમાં આવા અકસ્માતો ન બને તે માટે તપાસ હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટનાનો ભોગ બનેલાઓમાં ૨ લિફ્ટ ઓપરેટર, ૨ શ્રમિકો અને અન્ય ૨ વ્યક્તિઓ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે પણ આ ઘટનામાં ૬ લોકોના મોતની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે આગળની તપાસ ચાલી રહી છે.**

### ભારતે બ્રિટિશ એજન્સીને આપી સુરક્ષાની ખાતરી

## માલ્યા અને નીરવ જેવા ભાગેડુઓને રાખવા માટે તિહાર જેલ તૈયાર

### સુરક્ષાની ખાતરી કરવા બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસની એક ટીમે તાજેતરમાં તિહાર જેલની મુલાકાત લીધી હતી





। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતમાંથી ભાગી ગયેલા આર્થિક ગુનેગારો અને ભાગેડુઓને પરત લાવવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવતા, બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ (CPS)ની એક ટીમે તાજેતરમાં તિહાર જેલની મુલાકાત લીધી હતી. માહિતી અનુસાર, આ મુલાકાત જુલાઈમાં થઈ હતી જેમાં બ્રિટનના પાંચ સભ્યોનો સમાવેશ થતો હતો. તાજેતરમાં બ્રિટનની અદાલતોએ તિહારની સ્થિતિ અંગે ઘણા કેસોમાં ભારતની પ્રત્યાર્પણ અરજીઓ ફગાવી દીધી હતી. આ કારણોસર ભારત સરકારે બ્રિટનને ખાતરી આપી હતી કે જેલમાં કોઈ પણ આરોપીને માર મારવામાં આવશે નહીં કે ગેરકાયદેસર પૂછપરછ કરવામાં આવશે નહીં. સીપીએસ ટીમે તિહારના ઉચ્ચ સુરક્ષા વોર્ડનું નિરીક્ષણ કર્યું અને ત્યાં હાજર કેદીઓ સાથે પણ વાતચીત કરી. અધિકારીઓએ ટીમને ખાતરી આપી હતી કે જો જરૂર પડે તો જેલ પરિસરમાં એક ખાસ "એન્ક્લેવ" બનાવવામાં આવશે, જ્યાં વિજય માલ્યા, નીરવ મોદી જેવા હાઈ-પ્રોફાઈલ આરોપીઓ સુરક્ષિત રહી શકે. ભારત પાસે અત્યાર સુધીમાં ૧૭૮ પ્રત્યાપણ વિનંતીઓ વિદેશમાં પેન્ડિંગ છે, જેમાંથી લગભગ ૨૦ ફક્ત બ્રિટનમાં જ ફસાયેલા છે. આમાં વિજય માલ્યા, નીરવ મોદી, સંજય ભંડારી અને ઘણા ખાલિસ્તાની નેતાઓના નામ શામેલ છે. ભારત સરકાર આ કેસોને લઈને બ્રિટન સાથે સતત સંકલનમાં છે. આ સમગ્ર પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય બ્રિટિશ અદાલતોને ખાતરી આપવાનો છે કે ભારત માનવ અધિકારો અનુસાર પ્રત્યાર્પણ કરાયેલા આરોપીઓને સુવિધાઓ પૂરી પાડશે. સરકારે સ્પષ્ટપણે કહ્યું છે કે જેલમાં કેદીઓ સાથે કોઈ ગેરકાયદેસર વર્તન કરવામાં આવશે નહીં. વિજય માલ્યા અને નીરવ મોદી પર ભારતમાં છેતરપિંડી, મની લોન્ડરિંગ અને ગુનાહિત કાવતરું કરવાનો આરોપ છે. બંને બેંક લોન ડિફોલ્ટ કેસોમાં સંડોવાયેલા છે અને આરોપો સામે આવે તે પહેલાં બ્રિટન ભાગી ગયા હતા. ભારતીય અદાલતોએ તેમને "ભાગેડુ આર્થિક ગુનેગાર" જાહેર કર્યા હતા. વિજય માલ્યાનો કેસ કિંગફિશર એરલાઈન્સના પતન સાથે જોડાયેલો છે, જેણે ભારતીય બેંકોમાંથી લીધેલી લગભગ ૯,૦૦૦ કરોડ રૂપિયાના લોન ચૂકવી નથી. તપાસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તેણે લોનની રકમ અન્યત્ર ખર્ચી નાખી હતી અને વસૂલવામાં આવેલ સર્વિસ ટેક્સ પણ ચૂકવ્યો નથી. ૨૦૨૦માં યુકેની એક કોર્ટે તેના પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી, પરંતુ સીક્રેટ કાનૂની પ્રક્રિયાને કારણે તેને હજુ સુધી ભારત લાવવામાં આવ્યો નથી. નીરવ મોદી પંજાબ નેશનલ બેંક (PNB) કૌભાંડનો મુખ્ય આરોપી છે, જેમાં નકલી LoU દ્વારા લગભગ ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. ૨૦૧૯માં લંડનમાં તેની ધરપકડ પછી યુકેની એક કોર્ટે ૨૦૨૧માં તેના પ્રત્યાર્પણને મંજૂરી આપી. જો કે, તેની અપીલો સતત નકારી કાઢવામાં આવી છે અને તે યુકેની જેલમાં છે.

### પીએમ મોદી ભારત અને અમેરિકાના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે

। નવી દિલ્હી, તા.૬ ।

ભારત-અમેરિકા સંબંધો પર મોદી અને ટ્રમ્પના નવા નિવેદનો વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત અને અમેરિકાના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને મિત્ર કહીને સંબોધ્યું હતું. ટ્રમ્પના આ નિવેદન પર વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, તેમને ભારત અને અમેરિકાના ખાસ સંબંધો વિશે ટ્રમ્પે જે કહ્યું તે ખૂબ ગમ્યું.

થોડા દિવસ પહેલાં, ટ્રમ્પ એવું કહીને ચર્ચામાં આવ્યા હતા કે અમેરિકાએ ભારતને ચીનના હાથમાં ગુમાવી દીધું છે. પરંતુ તેમના નવા નિવેદન પર પીએમ મોદીએ લખ્યું, અમે ટ્રમ્પની ભાવનાઓ અને અમારા સંબંધો વિશેના તેમના સકારાત્મક વિચારોની ખૂબ પ્રશંસા કરીએ છીએ અને તેને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. આ જ વાતને આગળ વધારતાં વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, વડાપ્રધાન મોદી અમેરિકા સાથેની ભાગીદારીને ખૂબ મહત્ત્વ આપે છે. જ્યાં સુધી ટ્રમ્પનો સવાલ છે, પીએમ મોદીના તેમની સાથે હંમેશા અંગત સંબંધો રહ્યા છે. હકીકત એ છે કે ભારત સતત અમેરિકા સાથે સંપર્કમાં છે અને જોડાયેલું છે.

### ટ્રમ્પના મિત્રતાવાળા નિવેદન બાદ મોદીએ કહ્યું

## સંબંધોના સકારાત્મક મૂલ્યાંકનને અમે હૃદયપૂર્વક બિરદાવીએ છીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ડોનાલ્ડ ટ્રમ્પના મિત્રતાવાળા નિવેદન બાદ હવે પીએમ મોદીનું નિવેદન સામે આવ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભાવનાઓ અને અમારા સંબંધોના સકારાત્મક મૂલ્યાંકનને અમે હૃદયપૂર્વક બિરદાવીએ છીએ અને તેમનું પૂર્ણ સમર્થન કરીએ છીએ. ભારત અને અમેરિકા વચ્ચે એક અત્યંત સકારાત્મક અને દૂરંદર્શી વ્યાપક અને વૈશ્વિક રણનીતિક ભાગીદારી છે.



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-અમેરિકા સંબંધો પર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે હું મોદીની સાથે હંમેશા મિત્રવત રહીશ. તેઓ એક મહાન પ્રધાનમંત્રી છે. ભારત અને અમેરિકા વચ્ચે એક વિશેષ સંબંધ છે. તેમાં ચિંતાની કોઈ વાત નથી. ડોનાલ્ડ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં કહ્યું કે ભારત અને અમેરિકાના સંબંધ ખુબ ખાસ છે અને હાલના તણાવ છતાં હું અને પીએમ મોદી મિત્ર રહીશું. તેઓ ઉત્તમ પ્રધાનમંત્રી છે. તેઓ ગ્રેટ છે. પરંતુ તેઓ હાલ જે કરી રહ્યા છે તે મને પસંદ નથી. પરંતુ ભારત અને અમેરિકાના સંબંધ ખુબ ખાસ છે. તેના વિશે ચિંતાની કોઈ વાત નથી કારણ કે બંને દેશો વચ્ચે ક્યારેક ક્યારેક આવા પળ આવતા રહે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભારત ગુમાવવા સંબંધિત તેમની ટ્રૂથ સોશિયલ પોસ્ટ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, મનેનથી લાગતું કે આવું કઈ છે. જેમ કે તમે જાણો છો, મારે (ભારતીય પીએમ) મોદી સાથે ખુબ સારું બને છે. તેઓ થોડા સમય પહેલા અહીં આવ્યા હતા અને અમે રોઝ ગાર્ડન ગયા હતા.

### ભારત પર કટાક્ષ બાદ ટ્રમ્પના ફરી સૂર બદલાયા

। નવી દિલ્હી, તા.૬ ।

ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફને લઈને સતત તણાવ શરૂ છે. આવી સ્થિતિમાં, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના તેમના સંબંધો અંગે એક મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે ઓવલ ઓફિસમાં કહ્યું કે, 'ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ જ ખાસ છે અને હાલના તણાવ છતાં, મોદી અને હું મિત્રો રહીશું. તેઓ એક મહાન વડાપ્રધાન છે. તે મહાન છે, પરંતુ હાલ મોદી જે કરી રહ્યા છે તે મને નથી ગમતું. જોકે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખૂબ જ ખાસ છે.

### UP T20 લીગમાં મેચ ફિક્સિંગના આરોપો લગાવવામાં આવ્યા : કાશી રુદ્ર ટીમના મેનેજરે કૌભાંડનો ખુલાસો કર્યો

## ડ્રીમ-૧૧ બંધ થઈ જતાં જ ખુલ્લેઆમ સટ્ટાબાજી, ૧ કરોડ રૂપિયાનું ફિક્સિંગ, પોલીસ એક્શનમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

UP T20 લીગમાં મેચ ફિક્સિંગના આરોપો લગાવવામાં આવ્યા છે. કાશી રુદ્ર ટીમના મેનેજરે આ કૌભાંડનો ખુલાસો કર્યો છે. ત્યારબાદ લખનૌ પોલીસ હરકતમાં આવી છે. મેનેજર અર્જુન ચૌહાણે જણાવ્યું કે એક બુકીએ તેમને એક કરોડ રૂપિયાની ઓફર કરી હતી. અર્જુન ચૌહાણના આરોપો અનુસાર, લખનૌમાં પોતાને બુકી ગણાવતા એક વ્યક્તિએ મેનેજરને તેની જરૂરિયાત મુજબ ખેલાડીની



રમતને પ્રભાવિત કરવા કહ્યું. આ આરોપો પર લખનૌના સુશાંત ગોલ્ફ સિટી પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે કથિત રીતે અર્જુન ચૌહાણને ૧ કરોડ રૂપિયાની ઓફર કરી હતી. ફિક્સરે કહ્યું કે ટીમના એક ખેલાડીએ તેની રણનીતિ અનુસાર રમવું જોઈએ. એવું કહેવામાં આવ્યું હતું કે આ પૈસા ઓનલાઈન યુએસ ડોલરમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ સમાચાર પછી, દરેક જગ્યાએ હોબાળો મચી ગયો છે. ૧ કરોડ રૂપિયાના 'પ્રસ્તાવ' બાદ FIR નોંધવામાં આવી છે. માહિતી અનુસાર, યુઝરનું નામ રણબીર જણાવવામાં આવી રહ્યું છે. આ મેસેજ '@vipss_nakrani' નામના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી આવ્યો હતો. ટીમ મેનેજરનો સંપર્ક કરનાર વ્યક્તિએ પોતાને એક મોટો બુકી ગણાવ્યો હતો.

### સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હાલ ચર્ચામાં

## પંડ્યા બ્રધર્સે એક વ્યક્તિને ૭૦-૮૦ લાખ રૂપિયાની મદદ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા એશિયા કપ ૨૦૨૫ પહેલા પોતાના નવા લૂકને લઈને ચર્ચામાં છે. પંડ્યાના હેરકટ દરેક જગ્યાએ વાયરલ થઈ રહ્યા છે. આ દરમિયાન પંડ્યા ભાઈઓની એક નવી કહાની પણ સામે આવી છે. હાર્દિક ટીમ ઈન્ડિયાનો સૌથી સ્ટાઈલિશ ક્રિકેટરોમાંનો એક છે. ક્રિકેટ ઉપરાંત તે કાર અને વૈભવી જીવનનો શોખીન છે. આ બધું હોવા છતાં પંડ્યા ભાઈઓની ઉદારતા દરેકનું દિલ જીતી લે છે, આ વાત બંનેની આ કહાની દ્વારા સાબિત થાય છે. બંને ભાઈઓએ એક વ્યક્તિ માટે પોતાની તિજોરી ખોલી અને તેને ૭૦-૮૦ લાખ સુધીની મદદ કરી છે. ૫ સપ્ટેમ્બર શિક્ષક દિવસનો અવસર હતો. આ દિવસે દેશભરના બધા શિષ્યો તેમના ગુરુને ભેટ આપે છે અને તેમની સફળતાનો શ્રેય આપે છે. અમે જે વ્યક્તિ વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહીં પણ હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યાના બાળપણના કોચ જીતેન્દ્ર સિંહ છે, જેમને પંડ્યા ભાઈઓ તેમના પરિવારનો સભ્ય માને છે.

### વિદેશમંત્રી જયશંકર ૨૭ સપ્ટેમ્બરે ભારત વતી સત્રને સંબોધિત કરશે

## PM મોદીનો મોટો નિર્ણય, UNGAની બેઠકમાં ભાગ લેવા અમેરિકા નહીં જાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાલુ વર્ષના અંતે યોજાનારી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા ની બેઠકમાં ભાગ નહીં લે. તેમના બદલે વિદેશમંત્રી એસ. જયશંકર અમેરિકા જશે. બેઠકના વક્તાઓની સુધારેલી યાદી જાહેર થયા બાદ આ માહિતી સામે આપી હતી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું ૮૦મું સત્ર ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. ત્યારપછી ઉચ્ચ-સ્તરીય બેઠક ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ બેઠકમાં પ્રથમ વક્તા બ્રાઝિલ હશે, જ્યારે ત્યારપછી અમેરિકા મહાસભાને સંબોધશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૩ સપ્ટેમ્બરે UNGA ના પોડિયમ પરથી વૈશ્વિક નેતાઓને સંબોધિત કરશે. પ્રમુખ તરીકેના તેમના બીજા કાર્યકાળમાં ટ્રમ્પ પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર સત્રને સંબોધિત કરશે. વિદેશમંત્રી જયશંકર ૨૭ સપ્ટેમ્બરે ભારત વતી સત્રને સંબોધિત કરશે. પરંતુ અગાઉ જુલાઈમાં જાહેર કરાયેલ વક્તાઓની યાદીમાં પીએમ મોદીનું નામ સામેલ હતું. તે યાદી અનુસાર, પીએમ મોદી ૨૬ સપ્ટેમ્બરે UNGA ને સંબોધિત કરવાના હતા. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૩ સપ્ટેમ્બરે UNGA ના પોડિયમ પરથી વૈશ્વિક નેતાઓને સંબોધિત કરશે. પ્રમુખ તરીકેના તેમના બીજા કાર્યકાળમાં ટ્રમ્પ પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર સત્રને સંબોધિત કરશે. વિદેશમંત્રી જયશંકર ૨૭ સપ્ટેમ્બરે ભારત વતી સત્રને સંબોધિત કરશે. પરંતુ અગાઉ જુલાઈમાં જાહેર કરાયેલ વક્તાઓની યાદીમાં પીએમ મોદીનું નામ સામેલ હતું.

### 'પેન્ટાગોન' નહીં, હવે 'યુદ્ધ વિભાગ'

## ડોનાલ્ડ ટ્રમ્પે પેન્ટાગોનનું નામ બદલી ડિપાર્ટમેન્ટ ઓફ વૉર કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

અમેરિકાના સંરક્ષણ વિભાગનું નામ બદલાઈ ગયું છે. પ્રમુખ ટ્રમ્પે હવે પેન્ટાગોનનું નામ બદલીને ડિપાર્ટમેન્ટ ઓફ વૉર એટલે કે યુદ્ધ વિભાગ કરી દીધું છે. ટ્રમ્પે શુક્રવારે એટલે કે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ આ આદેશ પર સહી કરી હતી અને કહ્યું કે આનાથી દુનિયાને 'વિજયનો સંદેશ' મળ્યો છે.ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, 'મને લાગે છે કે આ જીતનો સંદેશ આપે છે અને દુનિયાની વર્તમાન પરિસ્થિતિને જોતા આ નામ વધુ યોગ્ય છે.' જોકે, ટ્રમ્પ કોંગ્રેસની મંજૂરી વગર પેન્ટાગોનનું નામ સત્તાવાર રીતે બદલી શકતા નથી, પરંતુ તેમના આદેશમાં યુદ્ધ વિભાગને ગૌણ પદ તરીકે વાપરવાની મંજૂરી આપવામાં આવી છે.ન્યૂઝ એજન્સીના રિપોર્ટ મુજબ, ટ્રમ્પ દ્વારા આ નામ રાખવાથી ખરેખર યુદ્ધ વિભાગની યાદ તાજી થાય છે. વર્ષ ૧૭૮૯માં અંગ્રેજો પાસેથી આઝાદી મળ્યા બાદ અને બીજા વિશ્વયુદ્ધના તરત પછી સુધી, લગભગ ૧૫૦ વર્ષથી વધુ સમય સુધી આ પદનો ઉપયોગ થતો રહ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## માથાભારે તત્વો દ્વારા વડોદરામાં વધુ એક હુમલો, તોડફોડ કરી સાળા-બનેવીને માર્યા

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

વડોદરા શહેરમાં રાત્રે ૧૧ વાગ્યા પછી લારી-ગલ્લા અને દુકાનો બંધ કરવામાં આવે છે ત્યાર પછી જમવાનું શોધવા માટે નીકળતા કેટલાક માથાભારે તત્વો દ્વારા દુકાનદારો અને રેસ્ટોરન્ટના સંચાલકો પર હુમલાના બનાવો બનતા હોય છે. ગઈ રાત્રે આવો જ વધુ એક બનાવ બનતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ન્યુ વીઆઈપી રોડ પર પંચમ ઈલાઈટની બાજુમાં રહેતા અને નાગબાનગર સોસાયટીના નાકા ઉપર નાસ્તાની દુકાન ધરાવતા નરેશભાઈ કેસરા ભાઈએ પોલીસને કહ્યું છે કે ગઈકાલે રાત્રે હું તેમજ મારો સાળો રોનક દુકાને હાજર હતા તે દરમિયાન એક બુલેટ ઉપર બે જણા આવ્યા હતા અને જમવાનું બનાવવાનું કહેતા અમે દુકાન અને લારી બંધ થઈ ગયા છે તેમ કહ્યું હતું.

## આખજમાં પેટ્રોલ છાંટી જમાઈનો સસરાને સળગાવવાનો પ્રયાસ

। (એજન્સી) મહેસાણા, તા.૬ ।

મહેસાણા તાલુકાના આખજ ગામે દીકરીને લેવા ગયેલા સસરા સાથે જમાઈએ તકરાર કરી હતી અને વેવાણે અપશબ્દો બોલ્યા હતા. ઉશ્કેરાઈ ગયેલા જમાઈએ સસરા પર પેટ્રોલ છાંટ્યા બાદ તેના ભાગીદારે દિવાસળી ચાંપી સળગાવતાં ત્રણેય સામે લાંઘણજ પોલીસ મથકે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો છે.બનાસકાંઠાના વડગામ તાલુકાના કોદરામ ખાતે રહેતા દિનેશભાઈ મફતલાલ વાઘેલા (ઉં. ૫૫) ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે અને તેમની મોટી પુત્રી સંગીતાબેનને ચારેક વર્ષ અગાઉ મહેસાણા તાલુકાના આખજ ગામે રહેતા દંતાણી સંજયકુમાર પોપટલાલ સાથે પરણાવેલી છે. ગત મંગળવારે બપોરે ત્રણેક વાગ્યે દિનેશભાઈ તથા તેમનો ભાણો ઉમંગભાઈ તેમની કાર લઈને આખજ રહેતી તેમની પુત્રી સંગીતાને લેવા ગયા હતા. સંગીતાબેનના ખબરઅંતર પૂછીને દિનેશભાઈએ તેને સાથે તેમના ઘરે લઈ જવા બાબતે વેવાણ કસ્તુરીબેનને પૂછતાં તેમણે ના પાડી હતી. જેથી સંજયકુમારને પૂછતાં તેમણે તમારી પાસે અમારે જે રૂપિયા લેવાના છે તે આપી દો તેમ કહેતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. તે વખતે કસ્તુરીબેન અપશબ્દો બોલાવા લાગ્યાં હતાં અને સંજયકુમારે ઉશ્કેરાઈ જઈ ઘરમાં પડેલી બોટલમાંથી દિનેશભાઈ ઉપર પેટ્રોલ છાંદી દીધું હતું. તે વખતે તેમની પાછળ બેઠેલા સંજયકુમારના ભાગીદાર ચાવડા કરણસિંહે દિવાસળી ચાંપી દેતાં દિનેશભાઈ સળગી ઉઠ્યા હતા અને સળગતા સળગતા ઘરની બાજુમાં પડેલી માટીમાં જઈને પડ્યા હતા. ઉમંગભાઈ તેમને ૧૦૮ની એમ્બ્યુલન્સમાં સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપી દિનેશભાઈને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં રિફર કરાયા હતા.

# જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે સપ્તાહના વિરામ બાદ હવામાનમાં એકાએક પલટો આવ્યો

## જોડીયા અને લાલપૂરમાં ગઈકાલે રાત્રે એકાએક હવામાનમાં પલટો આવ્યા બાદ દોઢ ઇંચ વરસાદ ખાબક્યો

। જામનગર, તા.૬ ।

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે સપ્તાહના વિરામ બાદ હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો, અને ભારે ઉકળાટ ભર્યા વાતાવરણ પછી ગઈકાલે રાત્રિના મેઘરાજાનો નવો રાઉન્ડ શરૂ થયો હતો. જામનગર શહેર જોડીયા અને લાલ પુરમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદ વરસી ગયો હતો, જેના કારણે નદી નાળામાં ફરીથી પૂર આવ્યા હતા. ઉપરાંત કાલાવડ અને જામજોધપુરમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. અને ધ્રોળમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. ગઈકાલના વરસાદથી પન્ના ડેમ છલકાવાની તૈયારીમાં છે, જેથી નીચાણવાળા વિસ્તારના ગામોને સલામત સ્થળે ખસી જવા ચેતવણી અપાઈ છે. જામનગર શહેર અને જિલ્લામાં મેઘરાજાએ પખવાડીયાથી વિરામ રાખ્યો હતો, અને ભાદરવાના આકરા તાપ પડી રહ્યા હતા,



પરંતુ ગઈકાલે રાત્રિના ૯.૩૦ વાગ્યા બાદ એકાએક હવામાન પલટાયો હતો, અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. દોઢ કલાકના સમયગાળા દરમિયાન દોઢ ઈંચ વરસાદ પડી જતાં ચોમેર પાણી ફરી વળ્યા હતા. સાથોસાથ વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ હતી. જામનગર શહેર ઉપરાંત જોડીયામાં પણ ગઈકાલે ધોધમાર દોઢ ઈંચ વરસાદ પડી ગયો હતો. અને લાલપુર પંથકમાં પણ દોઢ ઈંચ પાણી પડી ગયું હોવાના અહેવાલો મળ્યા છે. લાલપુર પંથકમાં પડેલા વરસાદના કારણે પન્ના ડેમ ઓવરફલો થઈ જવાની તૈયારીમાં છે, જેથી તેના નીચાણવાળા વિસ્તારમાં આવેલા જુદા-જુદા આઠ જેટલા ગામોને સલામત સ્થળે રહેવા માટેની તંત્ર દ્વારા મોડી રાતે માઈક દ્વારા સુચના આપવામાં આવી હતી. આ ઉપરાંત જામનગર જિલ્લાના કાલાવડ અને જામજોધપુરમાં પણ એક ઈંચ વરસાદ પડ્યો હતો, અને ધ્રોલમાં વરસાદી ઝાપટાં વરસી ગયા હતા. ગઈકાલે રાત્રિના વરસાદી વાતાવરણ રહ્યા બાદ આજે વહેલી સવારથી ઉઘાડ નીકળી ગયો હતો. જોકે હજુ છૂટાછવાયા વરસાદી ઝાપટા પડી શકે તેવી શક્યતાઓ દર્શાવાઈ છે. જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર જામનગર શહેરમાં ગઈકાલે રાત્રે ૩૪ મી.મી., જોડીયામાં ૩૧ મી.મી., લાલપુરમાં ૩૫ મી.મી., કાલાવડમાં ૨૨ મી.મી. અને જામજોધપુરમાં ૧૮ મી.મી., તેમજ ધ્રોલમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો છે.જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ગણપતિ મહોત્સવ ચાલી રહ્યા છે, અને જુદા-જુદા અનેક વિસ્તારોમાં ગણપતિના પાંડાલો ઉભા થયા છે, જ્યાં ગઈકાલે રાત્રિના આરતી કરવાના સમયે જ અચાનક વરસાદ તૂટી પડતાં ગણપતિના પંડાલના આયોજકોમાં દોડધામ થઈ હતી. જોકે છેલ્લા બે ત્રણ વર્ષથી ભાદરવો ભર પૂર રહે છે, અને વરસાદ કારણે તાડપત્રી વગેરેના મંડપ સામિયાણાં બંધાયા હોવાથી અન્ય કોઈ તકલીફ થઈ ન હતી, પરંતુ અચાનક આવી પડેલા વરસાદના કારણે કેટલાક ગણેશ ભક્તોએ પાંડલની અંદર જ એકથી એક થી દોઢ કલાક સુધી ઉભા રહેવું પડ્યું હતું, તો ક્યાંક આરતી સહિતના કાર્યક્રમો વહેલા આટોપી લેવા પડ્યા હતા.

**૫૪૨ પેટીમાં ૧૪૯૦૪ જેટલી વિદેશી દારૂની બોટલો મળી આવી**

## બોટાદમાં ચોરી, લૂંટ અને હેરાફેરીના કિસ્સાઓ વધવા લાગ્યા



। (એજન્સી) બોટાદ,, તા.૬ ।

બોટાદમાં ચોરી, લૂંટ અને હેરાફેરીના કિસ્સાઓ વધવા લાગ્યા છે. ફરી એક વખત બોટાદમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો. ગઢડા પોલીસે મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપ્યો. બાતમીના આધારે ગઢડા પોલીસે રાત્રીના બોટાદ રોડપર કેનાલ પાસે દારૂ ભરેલ આઈસર ટ્રક ઝડપી. જેમાંથી ૫૪૨ પેટીમાં ૧૪૯૦૪ જેટલી વિદેશી દારૂની બોટલો મળી આવી. પોલીસે કુલ ૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર આરોપીને શોધવા ચક્રોગતિમાન કર્યા. દારૂ ક્યાંથી આવતો હતો અને કયા લઈ જવાતો હતો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી. ગઢડા પોલીસને દારૂની હેરાફેરીને લઈને બાતમી મળી હતી. જેના બાદ બાતમીના આધારે પોલીસે બોટાદના મુખ્ય રસ્તાઓ અને શંકાસ્પદ સ્થાનો પર વોચ ગોઠવી હતી. પોલીસ તપાસ કરી રહી હતી ત્યારે આઈસર ટ્રકની ગતિ શંકાસ્પદ લાગતા તેને અટકાવ્યો. ત્યારે ટ્રક ચાલક અંધારાનો લાભ લઈ ત્યાં જ ટ્રક મુકી ફરાર થઈ ગયો. પોલીસે આઈસરની ટ્રકની તપાસ કરતાં તેમાં પાછળના ભાગ પર જનરેટર જેવું મશીન હતું. અને જ્યારે આ જનરેટર મશીનની તપાસ કરી તો પોલીસ પણ ચોંકી ઉઠી. આ ટ્રકની અંદરથી નાનીમોટી કુલ ૧૪૯૦૪ જેટલી દારૂની મળી આવી. ૧૪૯૦૪ બોટલ દારૂની કિમત ૮૦.૩૭ લાખ, ૨૦ લાખનું આઈસર ટ્રક મળી કુલ રૂ. ૧ કરોડ ૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો. ઉલ્લેખનીય છે કે બોટાદમાંથી ૨૪ કલાકની અંદર વધુ એક દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો. અગાઉ અંબાજી ભાદરવી પૂનમના મેળામાં બંદોબસ્ત માટે ગયેલા બોટાદ હોમગાર્ડના કમાન્ડિંગ ઓફિસર અને બે જવાન પરત ફરતાં સમયે સરકારી વાહનમાં દારુ સાથે ઝડપાયા હતા. હોમગાર્ડના ટાટા સુમો (રજી. નંબર GJ-01-GA-0224) વાહનમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આબુથી બોટાદ લાવવામાં આવી રહ્યો હોવાની LCBને બાતમી મળી હતી. જેના બાદ LCB ટીમે વોચ ગોઠવીને હોમગાર્ડ યુનિટની સરકારી ગાડી ટાટા સુમોને અટકાવી હતી.

**વિઝાના નામે છેતરપિંડી થઇ**

## પુત્રીને વિદેશ મોકલવાના નામે એક એજન્ટે ૨૬.૮૦ લાખ પડાવી લીધા

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા દંપતી અને તેમની પુત્રીને વિદેશ મોકલવાના નામે એક એજન્ટે ૨૬.૮૦ લાખ પડાવી લીધા હોવાનો બનાવ બનતા પોલીસ ફરિયાદ થઈ છે.

ગોરવા ગામમાં રહેતા દિલીપભાઈ પટેલે પોલીસને કહ્યું છે કે, છાણી જકાતનાકામાં અવધપુરી સોસાયટીમાં રહેતા કનુભાઈ બાબુભાઈ પટેલ સાથે મારે પરિચય થયો હતો. તેમણે મને વિઝાનું કામ કરતા હોવાનું કહ્યું હતું.

જેથી મેં મારા પુત્ર, પુત્રવધુ અને પૌત્રીને યુએસ મોકલવા માટે વાત કરતા કનુ પટેલે છ મહિનામાં જ ત્રણેયને વિઝા અપાવી દઈશ તેવી ખાતરી આપી ડોક્યુમેન્ટસ લીધા હતા અને એક વ્યક્તિ દીઠ ૯ લાખ નક્કી કર્યા હતા.

ફરિયાદીએ કહ્યું છે કે, મેં કનુભાઈને રૂ.૨૬.૮૦ લાખ ચૂકવ્યા હતા.

પરંતુ છ મહિના પછી વિઝા નહીં મળતા વિઝા અપાવવા અથવા તો રૂપિયા પરત આપવા કહ્યું હતું. પરંતુ કનુભાઈએ મને ફાઈલની પ્રોસેસ ચાલુ છે તેમ કહી વાયદા કર્યા હતા અને હજી સુધી મને રૂપિયા પરત આપ્યા નથી. પરંતુ છ મહિના પછી વિઝા નહીં મળતા વિઝા અપાવવા અથવા તો રૂપિયા પરત આપવા કહ્યું હતું. પરંતુ કનુભાઈએ મને ફાઈલની પ્રોસેસ ચાલુ છે તેમ કહી વાયદા કર્યા હતા અને હજી સુધી મને રૂપિયા પરત આપ્યા નથી.

**વ્યાજખોરોનો ત્રાસ યથાવત**

## જામનગરના યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી એસિડ પી લીધું

। (એજન્સી) જામનગર, તા.૬ ।

જામનગરના રવિ પાર્ક વિસ્તારમાં રહેતા અને યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ એસિડ પી લેતાં બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે, અને સમગ્ર મામરામાં પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગ્જામ સર્કલ નજીક રવિ પાર્ક વિસ્તારમાં રહેતા અને બેડી વિસ્તારમાં હેર કટિંગની દુકાન ચલાવતા લલિત ચંદુભાઈ સુરાણી નામના ૨૮ વર્ષના વાણંદ યુવાને ગઈકાલે મોડી સાંજે એસિડ પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે, અને તેને લોહીની ઉલટીઓ થતાં તબીબો દ્વારા તેની ઘનિષ્ઠ સારવાર કરાઈ રહી છે, અને તેને લોહીના બાટલા પણ ચડાવવામાં આવી રહ્યા છે. પોતે વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાઈ ગયો હોવાથી વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ આ પગલું ભરી લીધું હોવાનું પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. જેથી સીટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો જી.જી. હોસ્પિટલમાં દોડતો થયો હતો, અને આ મામલામાં ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. પોતે વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાઈ ગયો હોવાથી વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ આ પગલું ભરી લીધું હોવાનું પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. જેથી સીટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો જી.જી. હોસ્પિટલમાં દોડતો થયો હતો, અને આ મામલામાં ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

## અંબાજી ભાદરવીના મહામેળામાં ચોથા દિવસે ૭.૪૩ લાખ શ્રદ્ધાળુઓ ઊમટ્યાં

**રૂ. ૪૮૫૨૯૫૬ની અંબાજી દેવસ્થાન ટ્રસ્ટને ભંડાર ગાદી ૫૦૦૦ ભેટ કાઉન્ટર અને ધાર્મિક સાહિત્ય કેન્દ્રની આવક થઇ**

। (એજન્સી) પાલનપુર, તા.૬ ।

આરાસુરી મા અંબાના ભાદરવી પૂનમના મહામેળામાં ચોથા દિવસે ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. જેમાં ચોથા દિવસે ૭.૪૩ લાખ શ્રદ્ધાળુઓએ માનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે અંબાજી તરફના માર્ગો ઉપર મોટી સંખ્યામાં પદયાત્રિકો હરખભેર અને જય અંબે.. બોલ મારી અંબે... ના નારા સાથે અંબાજી તરફ પ્રયાણ કરતા નજરે ચડ્યા હતા. આસાસુરી મા અંબાના ભાદરવી પૂનમના મહામેળાના ચોથા દિવસે ભક્તોનું ઘોડાપુર ઉમટી રહ્યું હોય તેમ જોવા મળી રહ્યું. માના ભક્તોની સેવામાં લાગેલા સેવા કેમ્પો દ્વારા માઈભક્તોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે પદયાત્રિકોની રાત દિવસ સેવામાં લાગી રહ્યા છે. અંબાજીને જોડતા દરેક માર્ગે મોટી સંખ્યામાં પદયાત્રિકો જોવા મળી રહ્યા છે.પદયાત્રિકો જુસ્સો વધારવા અને થાક ઉતારવા માટે બોલ માંડી અંબે... જય અંબેના નાદ સાથે અંબાજી ધામ તરફ આગે કૂચ કરી રહ્યાં છે. તો કેટલા સેવા કેમ્પોમાં પદયાત્રિકો લાંબા અંતરેથી ચાલતા આવતા હોઈ વિસામા કરી થાક ઉતારતા હોવા જોવા મળી રહ્યા હતા. ગત રાત્રિએ વરસાદી ઝાપટું પડવા છતાં ભક્તોની મા અંબા પ્રત્યેની આસ્થા અને ભક્તિને લઈને અડગમને અંબાજી ભણી દોટ મુકી રહ્યા છે.મહામેળાના ચોથા દિવસે મા અંબાના ૭.૪૩ લાખ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા. જ્યારે ૫૦૯ ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતુ. જ્યારે રૂ. ૪૮૫૨૯૫૬ની અંબાજી દેવસ્થાન ટ્રસ્ટને ભંડાર ગાદી ૫૦૦૦ ભેટ કાઉન્ટર અને ધાર્મિક સાહિત્ય કેન્દ્રની આવક થઈ હતી. જ્યારે માતાજીના ભક્તો દ્વારા ૨.૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરવામાં આવ્યું હતું.

**જિલ્લામાં સ્કૂલ અને કોલેજો બંધ રાખવાનો આદેશ**

## નર્મદાની વધતી જળ સપાટી ભરૂચ માટે ચિંતાનો પ્રશ્ન

। (એજન્સી) ભરૂચ, તા.૬ ।

ગુજરાતમાં હાલ ભારે વરસાદને લઈને ઘણા બધા જિલ્લાઓમાં પરિસ્થિતિ વણસી છે. જેમાં ખાસ કરીને હાલમાં ભરૂચ જિલ્લામાં ભારે વરસાદ બાદ લોકોને તંત્ર દ્વારા સચેત કરી દેવામાં આવ્યા છે. નર્મદા નદીમાં વધી રહેલું જળસ્તર હાલ ભરૂચ જિલ્લા માટે ચિંતાનો વિષય બન્યો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભરૂચ જિલ્લામાં તમામ તાલુકાના આંગણવાડી, શાળાઓ, કોલેજો અને ITI માં શિક્ષણકાર્યને બંધ રાખવામાં આવ્યું છે. માત્ર ૧૨ કલાકમાં નર્મદા ડેમની સપાટીમાં પણ ધરખમ વધારો નોંધાયો છે. ૧૨ કલાકમાં નર્મદા ડેમની સપાટી ૧૬ સેમી વધી છે. સિઝનમાં પહેલી વાર જળસપાટી ૧૩૬ મીટરને પાર પહોંચી છે. ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ છે અને હાલ સપાટી ૧૩૬.૦૮ મીટર પર પહોંચી છે. આ સિઝનમાં પહેલી વાર ડેમના ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદ પડ્યો છે. તેના કારણે ૪,૬૦,૨૯૧ ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ નર્મદા ડેમના ૨૩ ગેટ ૨.૦૨ મીટર ખોલવામાં આવ્યા છે. નદી હાલ બે કાંઠે વહી રહી છે જેના કારણે તંત્ર એલર્ટ મોડમાં છે. ડેમની મહત્તમ સપાટી પર પહોંચવામાં માત્ર ૨.૦૬ મીટર બાકી છે. નર્મદા ડેમ ૯૦ ટકા ભરાયો છે. જેના કારણે નર્મદા અને વડોદરાના ૨૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે નદીમાં પાણી આવતા નદીની જળ સપાટી પણ ૨૪ ફૂટે પહોંચી ગઈ છે. જેના કારણે ૧૪ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. નદીની જળ સપાટી ભયજનક સ્થિતિએ પહોંચી જતા તંત્ર દ્વારા સતત નીચાણવાળા વિસ્તારોમાં મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સાથે જ માછીમારોને પણ નદીમાં ન જવા માટે સલાહ આપવામાં આવી છે.

**વિશેષ**

**કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે સાણંદ ખાતે નવનિર્મિત 'ન્યાય મંદિર'નું લોકાર્પણ કરાયું**

# સાણંદમાં નવીન 'ન્યાય મંદિર' થકી નાગરિકોની ન્યાયી યાત્રા સુદ્દઢ અને સુખાકારી બનશે

## ₹.૯.૯૨ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાસભર 'ન્યાય મંદિર'નું નિર્માણ કરાયું, મંત્રી શ્રી ઋષિકેશ પટેલ






। (માહિતી) અમદાવાદ,તા.૬ ।

અમદાવાદના સાણંદ ખાતે કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે નવનિર્મિત 'ન્યાય મંદિર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. સાણંદના નાગરિકોને ન્યાયિક પ્રક્રિયામાં સુદઢતા મળે તે માટે અંદાજિત ₹.૯.૯૨ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાસભર 'ન્યાય મંદિર'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કાયદામંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે ઓળખાતા સાણંદમાં ઔદ્યોગિક પ્રગતિ સાથે ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે તે હેતુસર તાલુકામાં સંપૂર્ણ સુવિધાથી સજ્જ ન્યાય મંદિરનું લોકાર્પણ કરાયું છે.

મંત્રીશ્રીએ દેશના બંધારણ દ્વારા ઘડેલી ન્યાયપ્રણાલીની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, સુવ્યવસ્થાના ભાગરૂપે ચાર પ્રકલ્પો અગત્યના છે. જેમાં આસ્થાનું મંદિર, શિક્ષણનું મંદિર, આરોગ્ય મંદિર અને ન્યાય મંદિરનો સમાવેશ થાય છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યના દરેક તાલુકામાં અદ્યતન કોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે જેમાં આરોગ્યની વ્યવસ્થા, વિજ્ઞાન ટેક્નોલોજીથી સભર અને ન્યાયિક પ્રક્રિયા વેગવંતી બને તે પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા સુનિશ્રિત કરવામાં આવી છે. આ ઉપરાંત ફોર્મલ વિટનેસ ડિપોઝીશન સેન્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટનું પણ ઝડપી અમલીકરણ કરાઈ રહ્યું છે.

મંત્રીશ્રીએ નવીન સુવિધાસભર સાણંદ 'ન્યાય મંદિર'માં ઉપલબ્ધ સેવાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતું અને આ 'ન્યાય મંદિર'થી સાણંદની ન્યાયી યાત્રામાં વધુ સુદઢતા અને સુખાકારી આવશે તેવી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે સરળ, સસ્તો અને ઝડપી ન્યાય પ્રાપ્ત થાય તે આવશ્યક છે. જે માટે રાજ્ય સરકાર, ગુજરાત હાઈકોર્ટના સૂચન અનુસાર તમામ પ્રકારની સુગમ વ્યવસ્થા સુનિશ્રિત કરવા પ્રયાસરત છે.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિશ્રી તથા અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા અદાલતના એડમિનિસ્ટ્રેટિવ જજ શ્રી સંગીતા વીશેન દ્વારા દ્વારા ઉપસ્થિત સૌને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, સાણંદ ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું રોલ મોડલ છે. છેલ્લા વર્ષોથી ઝડપી વિકસિત બનેલા સાણંદની વિકાસયાત્રામાં નવા પ્રકલ્પ 'ન્યાય મંદિર'નો ઉમેરો થયો છે તે ગૌરવપૂર્ણ બાબત છે. તેમણે ન્યાયિક વ્યવસ્થા વિશે વિસ્તૃત વાત કરી હતી અને સંવિધાનિક ભાવના અને આદર વિશે પણ જણાવ્યું હતું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મજબૂત ન્યાયપાલિકા વિકાસની મહત્વપૂર્ણ કડી છે. વધુમાં તેમણે ૧૯૮૦ ના દાયકામાં શરૂ થયેલી સાણંદ કોર્ટની અત્યાર સુધીની સફર પણ વર્ણવી હતી.

તેમણે વધુ ઉમેર્યું હતું કે, ન્યાય મંદિર નાગરિકોના વિશ્વાસનું મંદિર છે. તેમણે ઉપસ્થિત સૌને ન્યાયની સુલભ કામગીરી માટે સહકાર આપી લોકોની ન્યાયની અપેક્ષા પૂર્ણ કરવા સૂચન કર્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા અદાલતના મુખ્ય ન્યાયાધીશ શ્રી કમલ સોજીત્રાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ નવનિર્મિત 'ન્યાય મંદિર'ની મુલાકાત કરી હતી અને વિકસાવેલી સુવિધાઓ વિશે પણ માહિતી મેળવી હતી. સાણંદ નવીન 'ન્યાય મંદિર'ની સુવિધાઓ વિશે વાત કરીએ તો, બે માળના આધુનિક 'ન્યાય મંદિર'માં લાયબ્રેરી, બેંક, પોસ્ટ ઓફિસ, કેન્ટિન, ઝેરોક્ષ રૂમ, પુરુષ તથા મહિલા બારરૂમ માટેના પ્રસાધન, કેદી માટેના પ્રસાધન, આ ઉપરાંત ચાર જેટલા કોર્ટ રૂમ, કોન્ફરન્સ રૂમ, જજીસ લાયબ્રેરી, ઈ-સેવા કેન્દ્ર, વિડિયો કોન્ફરન્સ રૂમ કનેક્ટેડ વિથ જેલ, મેડિકલ સુવિધા અને મીડિયેશન સેન્ટર, રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ પ્રસંગે સાણંદ તાલુકા કોર્ટના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ શ્રી આર.એસ.શાહ, મુખ્ય જિલ્લા સરકારી વકીલ શ્રી પી.એમ.ત્રિવેદી, સાણંદ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી એચ.બી.ચૌહાણ, ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ દાવડા, કાયદા વિભાગના સેક્રેટરી શ્રી યુ.એમ.ભટ્ટ તથા ન્યાયિક અધિકારીશ્રીઓ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, સિનિયર એડવોકેટશ્રીઓ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને સાણંદના સભ્યશ્રીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ધારાશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨







મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં વિવિધ રાજદ્વારીઓ અને મિશનના વડાઓ સાથેની સંવાદ બેઠકમાં ગુજરાતના વૈશ્વિક વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરતા જણાવ્યું કે, ૬૯ બિલિયન યુએસ ડોલરના એફ.ડી.આઈ. અને નિકાસમાં ૨૭%ના યોગદાન સાથે ગુજરાત સુદ્રઢ વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્ય બન્યું છે.

## યુક્રેનમાં નિર્દોષ લોકોની હત્યા તદ્દન અસ્વીકાર્ય, યુદ્ધ સમાધાનનો માર્ગ નહીં

। (એજન્સી) નવીદિલ્હી, તા.૬ ।

યુનાટેડ નેશન્સમાં ભારતે યુક્રેન યુદ્ધ સંદર્ભે મહત્ત્વનું નિવેદન આપ્યું છે કે, યુક્રેનમાં નિર્દોષોની હત્યા તદ્દન અસ્વીકાર્ય છે. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વથનેની હરીશે કહ્યું કે, ભારત યુક્રેનની સ્થિતિ મુદ્દે સતત ચિંતિત છે. અમે માનીએ છીએ કે, નિર્દોષ લોકોની હત્યા સ્વીકાર્ય નથી. કોઈપણ પ્રકારનું સમાધાન યુદ્ધના માર્ગે આવશે નહીં. આથી યુક્રેન યુદ્ધનો અંત તમામ માટે હિતકારક છે. પર્વથનેનીએ જણાવ્યું કે, ભારતે હંમેશા કહ્યું છે કે, યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવાનો એકમાત્ર રસ્તો સંવાદ અને વ્યૂહનીતિ છે. ભલે આ માર્ગ કઠિન હોય પણ આ દિશામાં તમામ પક્ષોની સંપૂર્ણ ભાગીદારી અને પ્રતિબદ્ધતા કાયમી શાંતિ લાવી શકે છે. યુક્રેન યુદ્ધમાં શાંતિ લાવવા માટે સકારાત્મક પ્રયાસોને આવકારીએ છીએ. અલાસ્કામાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ પુતિન વચ્ચે યોજાયેલી શિખર બેઠકનું સમર્થન કરીએ છીએ. યુક્રેનના પ્રમુખ સાથે પણ ટ્રમ્પની મુલાકાત અને વાતચીત મહત્ત્વપૂર્ણ છે. આગળ ભારતે કહ્યું કે, આ બદલાતી સ્થિતિ પર નજર રાખતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના પ્રમુખ પુતિન અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સહિત યુરોપિયન નેતાઓ સાથે સતત સંપર્કમાં છે. અમને વિશ્વાસ છે કે, આ તમામ વ્યૂહનીતિ યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવશે અને એક કાયમી શાંતિની સ્થાપના કરશે. ભારતે વધુમાં જણાવ્યું કે, અમને દુઃખ છે કે, આ યુદ્ધના માઠા પરિણામ જેમ કે, ક્રૂડના ભાવોમાં વૃદ્ધિથી સમગ્ર વિશ્વ અને ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશો પ્રભાવિત થયા છે. જ્યાં સૌથી ખરાબ અસર થઈ છે.

## અમેરિકાએ ભારત અને રશિયાને ચીનના હાથમાં ગુમાવી દીધા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને રશિયાના સંબંધો પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, એવું લાગે છે કે, અમેરિકાએ ભારત અને રશિયા બંને દેશોને ચીનના હાથોમાં ગુમાવી દીધા છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા ટ્રૂથ પર આ નિવેદન આપ્યું હતું. ટ્રમ્પે ટ્રૂથ પર ત્રણેય દેશના વડાની સંયુક્ત તસવીર પોસ્ટ કરતાં કહ્યું કે, અમે ભારત અને રશિયાને ઊંડા, અંધારા ચીનના હાથોમાં ગુમાવ્યા, અપેક્ષા છે કે, તેઓ એક સાથે લાંબું અને સમુદ્ધ ભવિષ્ય મેળવે. ટ્રમ્પનુ આ નિવેદન સંકેત આપે છે કે, હાલમાં જ આ ત્રણેય દેશોના વડાની એકજૂટતા ખૂંચી રહી છે. ચીનના તિઆનજિન શહેરમાં આયોજિત શાંઘાઈ સહયોગ સંગઠન શિખર સંમેલન દરમિયાન વડાપ્રધાન મોદી, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ પુતિન એકજૂટ જોવા મળ્યા હતા. તેઓએ ટ્રમ્પના ટેરિફની આકરી ટીકા કરી હતી. એશિયાની ત્રણ મહાસત્તા જીર્ઝ શિખર સંમેલનમાં એક થતાં ટ્રમ્પ ભડકી ઉઠ્યા છે. ચીન અને રશિયાએ અમેરિકાના ભારત વિરુદ્ધ ટેરિફ વલણની આકરી ટીકા કરતાં અમેરિકાને જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમજ ત્રણેય દેશોએ પોતાના આર્થિક અને વ્યાપારિક સંબંધોને વધુ ગાઢ બનાવવાનું હુંકાર ભર્યો હતો.

### ચૂંટણી પંચના સર્વેમાં મોટો ખુલાસો

# ઉત્તરપ્રદેશમાં ૧.૨૫ કરોડ નકલી મતદારો મળી આવ્યા

### ગ્રામ પંચાયતની સાથે નગર નિગમની મતદાર યાદીમાં પણ જોવા મળી રહ્યા છે, એટલે કે, બે જગ્યાએ એક વ્યક્તિ મતદાર બન્યો છે

। (એજન્સી) લખનૌ, તા.૬ ।

રાહુલ ગાંધી સહિત કોંગ્રેસ અને વિપક્ષના નેતાઓ ભારતમાં વોટ ચોરીને લઈને ચૂંટણી પંચ અને ભાજપ આરોપ લગાવી રહ્યા છે. આ વચ્ચે ઉત્તરપ્રદેશથી મોટો કાંડ સામે આવ્યો છે. આવતા વર્ષે રાજ્યમાં યોજાનારી પંચાયત ચૂંટણીઓ પહેલા મોટા પ્રમાણમાં નકલી મતદારો જોવા મળ્યા છે. ઉત્તર પ્રદેશ ચૂંટણી પંચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)થી યુપીની મતદાર યાદીનો સર્વે કર્યો છે. આ સર્વેમાં, એવા ૧.૨૫ કરોડ મતદારો મળ્યા છે જેઓ ગ્રામ પંચાયતની સાથે નગર નિગમની મતદાર યાદીમાં પણ જોવા મળી રહ્યા છે. એટલે કે, બે જગ્યાએ એક વ્યક્તિ મતદાર બન્યો છે. આ કિસ્સામાં, પંચાયતી રાજ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે માહિતી આપતા કહ્યું કે, રાજ્યભરમાં ૧.૨૫ કરોડ નકલી મતદારોનો મામલો પ્રકાશમાં આવ્યો છે. જેને લઈને, ચૂંટણી પંચે તમામ જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટને આ સર્વે રિપોર્ટની BLO દ્વારા તપાસ



કરાવવા જણાવ્યું છે. બે જગ્યાએ નામ સામે આવ્યા હોય તેવા મતદારોની તપાસ BLO કરશે અને સરકારને રિપોર્ટ સુપરત કરશે. આ રિપોર્ટના આધારે, જો આ છેતરપિંડીની પુષ્ટિ થશે, તો એક જગ્યાએથી મતદારનું નામ કાઢી નાખવામાં આવશે. ઓમ પ્રકાશ રાજભરે આ છેતરપિંડીના ખેલ માટે નેતાઓની મિલીભગતને જવાબદાર ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, સ્થાનિક સ્તરે ચૂંટણી જીતવા માટે, નેતાઓ BLO ને મળીને આસપાસના વિસ્તારોના તેમના લોકોના નામ તેમના વિસ્તારની મતદાર યાદીમાં ઉમેરે છે. રાજ્ય ચૂંટણી કમિશનર રાજ પ્રતાપ સિંહે શુક્રવારે પંચના કાર્યાલયના ભૂમિપૂજન બાદ માહિતી આપી હતી કે, પંચાયત ચૂંટણીમાં ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમ અને AIનો ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, સંવેદનશીલ બૂથ પર AI આધારિત ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમથી નકલી મતદારોની ઓળખ કરવામાં આવશે. જો ક્યાંયથી નકલી નામોની ફરિયાદ મળશે, તો તેની પણ તપાસ કરવામાં આવશે. હવે દરેક BLO (બ્લોક લેવલ ઓફિસર) ઘરે ઘરે જઈને મતદારોની ચકાસણી પ્રક્રિયા કરશે. આ અંતર્ગત, દરેક મતદારનું નામ, સરનામું અને ઓળખ સુનિશ્ચિત કરવામાં આવશે. જો કોઈ ઘરમાં ફરિયાદ કે શંકા જોવા મળે છે, તો તેના આધારે વધારાની તપાસ કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયાને સંપૂર્ણપણે ન્યાયી બનાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. નિષ્ણાતો કહે છે કે, ચૂંટણી પહેલા મતદાર યાદીની ચોકસાઈ સુનિશ્ચિત કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો નકલી કે ડુપ્લિકેટ નામ યાદીમાં રહે છે, તો તે ચૂંટણી પરિણામોને અસર કરી શકે છે અને લોકોનો વિશ્વાસ ઘટાડી શકે છે. AI-આધારિત ચકાસણી ટેકનોલોજીનો ઉપયોગ આને રોકવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

# GSTમાં રાહત મળતા હવે મોંઘવારીથી છુટકારો મળશે

### રિપોર્ટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન એકંદરે છૂટક ફુગાવો ૦.૬૫ થી ૦.૭૫ ટકા ઘટી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

GST કાઉન્સિલની ૫૬મી બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ, નાણા પ્રધાન નિર્મલા સિતારમણે GST દરમાં મોટો ફેરફાર જાહેર કર્યા છે, જીએસટીના વેરામાં ફેરફારને કારણે, રોજબરોજના વપરાશ ઉપરાંત સામાન્ય ઘરગથ્થુ વસ્તુઓ અને સેવાઓ પરનો કર ઓછો થશે. આનાથી આગામી નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) માં છૂટક ફુગાવો ૦.૬૫ થી ૦.૭૫ ટકા સુધી ઘટી શકે છે. SBI રિસર્ચના અહેવાલ મુજબ, નવા GST નિયમો લાગુ થયા પછી દેશમાં ફુગાવો ઘટશે. GST કાઉન્સિલની ૫૬મી બેઠકમાં, જૂના ચાર-સ્તરીય કર માળખા (૫%, ૧૨%, ૧૮%, ૨૮%) ને દૂર કરવામાં આવ્યા હતા અને માત્ર દ્વિ સ્તરીય કર માળખા (૫% અને ૧૮%) ને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, કેટલીક લકઝરી વસ્તુઓ અને સેવાઓ માટે ૪૦% નો વિશેષ સ્લેબ નક્કી કરવામાં આવ્યો છે, જેના હેઠળ ઘણી રોજિંદી વસ્તુઓ સસ્તી થઈ છે અને કેટલીક કરમુક્ત થઈ ગઈ છે. તમાકુ અને સંબંધિત




ઉત્પાદનોને બાદ કરતાં નવા કર દરો, આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી લાગુ થશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૪૫૩ માલના GST દરમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આમાંથી ૪૧૩ માલ પર ટેક્સ ઘટાડવામાં આવ્યો છે, જ્યારે માત્ર ૪૦ માલ પર ટેક્સ વધારવામાં આવ્યો છે. લગભગ ૨૯૫ આવશ્યક માલ પર GST ૧૨ % થી ઘટાડીને ૫ % અથવા ૦% કરવામાં આવ્યો છે. આના કારણે, ગ્રાહકોને ખાસ કરીને ખાદ્ય ચીજો પર ૬૦% લાભ મળશે, જેના કારણે ગ્રાહક મૂલ્ય સૂચકાંક આધારિત ફુગાવો ૦.૨૫% થી ૦.૩૦% સુધી ઘટાડી શકાય છે. SBI સંશોધન અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે આ ઉપરાંત, સેવાઓ પર GST દરોને તર્કસંગત બનાવવાથી અન્ય માલ અને સેવાઓ પર છૂટક ફુગાવામાં ૦.૪૦ થી ૦.૪૫ ટકાનો ઘટાડો થશે. આમાં, ગ્રાહકોને ૫૦ ટકાનો લાભ મળવાનો અંદાજ છે. રિપોર્ટ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન એકંદરે છૂટક ફુગાવો ૦.૬૫ થી ૦.૭૫ ટકા ઘટી શકે છે. GST કાઉન્સિલના દર તર્કસંગતકરણને કારણે સપ્ટેમ્બર ૨૦૧૯ માં સરેરાશ GST દર ૧૪.૪% થી ઘટીને ૧૧.૬% થયો હતો. હવે નવા ફેરફારો પછી, તેને વધુ ઘટાડીને ૯.૫% કરી શકાય છે. નવા GST નિયમો આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ સસ્તી બનાવશે, જેનાથી ફુગાવો ઘટશે અને સામાન્ય લોકોને ફાયદો થશે.

### FRMSના અમલની DGCAની ડ્રાફ્ટ રૂપરેખા તૈયાર

# એરલાઈન્સમાં પાયલોટ, ક્રુ માટે ડ્યુટીના કલાકો નિર્ધારિત કરાશે

### ૧૨ જુલાઈએ અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ પાયલટ્સની નોકરીના કલાકોને લઈને પણ સવાલો ઉઠ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઉડ્ડયન ક્ષેત્ર સુરક્ષા નિયમનકાર ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને (ડીજીસીએ) એરલાઈન માટે ફેટિગ રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ (એફઆરએમએસ) માટે ડ્રાફ્ટ ગાઈડલાઈન તૈયાર કરી છે. એરલાઈન પાયલટ્સ તથા ક્રુ સભ્યો વધુ કલાકોની નોકરીને લીધે થાક અનુભવતા હોવાથી તેમની નોકરીના કલાકોની મર્યાદા માટે નવા નિયમો ડીજીસીએના મુસદ્દામાં સામેલ છે જેનો તબક્કાવાર અમલ થશે. શેડ્યૂલ્ડ એર ટ્રાન્સપોર્ટ ઓપરેશન્સમાં ફ્લાઈટ ક્રુ સભ્યો માટે એફઆરએમએસ ડ્રાફ્ટ એડવાઈઝરી અંતર્ગત થાક જોખમ વ્યવસ્થા પ્રણાલીની મંજૂરીની પ્રક્રિયા, અમલીકરણની જરૂરિયાત અને દેખરેખ પદ્ધતિનો સમાવેશ કરાયો છે. નવી માર્ગદર્શિકા હાલના ફ્લાઈટ ડ્યુટી સમય મર્યાદા (એફડીટીએલ) ધોરણોની પૂરક બનશે અને થાક વ્યવસ્થાપન માટે ડેટા-સંચાલિત, વૈજ્ઞાનિક અભિગમ લાગુ કરશે. એફઆરએમએસમાં વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે મહત્તમ ફ્લાઈટ કલાકો, ફ્લાઈટ ડ્યુટીના કલાકો, નોકરીના કલાકોની મર્યાદા, મિનિમમ આરામની જરૂરિયાત, જે પૂરતી રિકવરી સુનિશ્ચિત કરે, અને સુરક્ષાની દૃષ્ટિએ કામગીરી દેખરેખ પ્રણાલી સહિત અન્ય બાબતો હોવી જોઈએ તેમ ડીજીસીએએ જણાવ્યું હતું. આ બાબતથી વાકેફ કેટલાક પાયલટ્સે જણાવ્યું કે, નિયમનકારે એરલાઈન્સ, પાયલટ એસોસિએશન સહિતના તમામ હિતધારકો પાસેથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં આ પ્રસ્તાવિત મુસદ્દા પર ટિપ્પણીઓ મંગાવી છે. એરલાઈન્સે હવે વર્તમાન એફડીટીએલ ધોરણોનો અમલ કરવો અથવા એફઆરએમએસના અમલના વિકલ્પમાંથી કોઈ એકની પસંદગી કરવી પડશે.

### પાઇલટે કહ્યું PAN-PAN

# આકાશમાં જ અચાનક બંધ થઈ ગયું વિમાનનું એન્જિન

### વિમાનને અહલ્યાબાઈ હોલકર એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું અને બધાએ રાહતનો શ્વાસ લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીથી ઈન્દોર જઈ રહેલા એર ઈન્ડિયા એક્સપ્રેસ વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ૧૬૧ મુસાફરો સાથે રાજધાનીથી ઈન્દોર પહોંચેલા વિમાનના એક એન્જિને હવામાં કામ કરવાનું બંધ કરી દીધું છે. એક એન્જિનમાં ટેકનિકલ ખામી જણાયા બાદ, પાયલોટે એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને PAN-PAN સંદેશ મોકલ્યો. વિમાનને અહલ્યાબાઈ હોલકર એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવ્યું અને બધાએ રાહતનો શ્વાસ લીધો. એરપોર્ટ ડિરેક્ટર વિપિનકાંત સેઠે જણાવ્યું હતું કે, દિલ્હીથી ઈન્દોર આવી રહેલા એર ઈન્ડિયા એક્સપ્રેસ વિમાનના એક એન્જિનમાં ટેકનિકલ ખામી હોવાની માહિતી મળતાં, અમે બધી સાવચેતી રાખી અને સવારે ૯.૫૫ વાગ્યે આ વિમાનને ઈન્દોર એરપોર્ટ પર ઉતાર્યું હતું. નિર્ધારિત સમય મુજબ, આ વિમાન સવારે ૯.૩૫ વાગ્યે ઈન્દોર એરપોર્ટ પર ઉતરવાનું હતું. તેમણે કહ્યું કે ફ્લાઈટ નંબર IX ૧૦૨૮ના આ વિમાનના ક્રૂ મેમ્બર અને તેમાં સવાર તમામ ૧૬૧ મુસાફરો સંપૂર્ણપણે સુરક્ષિત છે. સેઠે કહ્યું કે વિમાનના પાયલોટે એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને 'PAN-PAN' સિગ્નલ મોકલ્યો હતો, ત્યારબાદ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) હેઠળ એરપોર્ટ પર આગ માટે અને તબીબી વ્યવસ્થા કરવામાં આવી હતી. 'PAN-PAN' એ દરિયાઈ અને હવાઈ રેડિયો સંચારમાં ઉપયોગમાં લેવાતો આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય સિગ્નલ છે. ઉડ્ડયનમાં, તેનો અર્થ એ છે કે પરિસ્થિતિ ગંભીર છે અને તાત્કાલિક મદદની જરૂર છે, પરંતુ આ પરિસ્થિતિ સીધી રીતે વિમાનમાં સવાર લોકોના જીવન સાથે સંબંધિત નથી. જ્યારે પાઈલટ PAN-PAN સિગ્નલ મોકલે છે, ત્યારે તેનો અર્થ એ થાય કે ક્રૂને ATC અથવા ગ્રાઉન્ડ સર્વિસ તરફથી તાત્કાલિક મદદની જરૂર છે.

### લાલૂ પ્રસાદ યાદની પોસ્ટથી વિવાદ ઉભો થયો

# બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું



। (એજન્સી) પટણા, તા.૦૬ ।

બિહારમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. બિહારની ચૂંટણીના રણમાં ગુજરાતની એન્ટ્રી થઈ છે. RJD અધ્યક્ષ લાલૂ યાદવે ગુજરાત વિશે ટિપ્પણી કરી છે. જીત જોઈએ બિહારમાં અને ફેક્ટરી આપે ગુજરાતમાં એવું કહી લાલુએ પ્રધાનમંત્રી પર સીધો કટાક્ષ કર્યો છે. બિહાર ચુંટણી પહેલા રાજકારણમા ગરમાવો આવ્યો છે. બિહારના રાજકારણમાં ગુજરાતની એન્ટ્રી થઈ છે. આરજેડી અધ્યક્ષ લાલુ યાદવે સોશિયલ મીડિયા એક્સ પર ગુજરાત વિશે ટિપ્પણી કરી છે. સોશિયલ મીડિયા પર લાલૂ પ્રસાદ યાદની પોસ્ટથી વિવાદ ઉભો થયો છે. તેમણે કહ્યું કે, જીત જોઈએ બિહારમા અને ફેક્ટરી ગુજરાતમાં. આ ફોરમ્યુલા બિહારમાં નહિ ચાલે.

અરે મોદીજી, તમે બિહારમાંથી જીત ઈચ્છો છો અને અમને ગુજરાતમાં ફેક્ટરીઓ આપો છો? બિહારમાં આ ગુજરાતી ફોર્મ્યુલા કામ નહીં કરે! શું વડાપ્રધાન મોદીએ આજે ભાજપના સભ્યોને આખા બિહાર અને બિહારીઓની માતાઓ, બહેનો અને દીકરીઓ સાથે દુર્વ્યવહાર કરવાનો આદેશ આપ્યો છે? ગુજરાતીઓએ બિહારીઓને આટલી હળવાશથી ન લેવા જોઈએ. આ બિહાર છે. ભાજપના ગુંડાઓ અને બદમાશો આદરણીય શિક્ષકો, રસ્તા પર ચાલતી મહિલાઓ, વિદ્યાર્થીનીઓ, ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો અને પત્રકારો સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે, તેમની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે અને તેમની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે? શું આ સાચું છે? શરમજનક! ઈંબિહાર

તમને જણાવી દઈએ કે, લાલુ યાદવ ઘણી વખત આરોપ લગાવી રહ્યા છે કે બિહારમાંથી સત્તા મળવા છતાં, રોકાણ, ઉદ્યોગ અને રોજગારની બાબતમાં રાજ્ય પાછળ રહી ગયું. આરજેડી સહિત વિપક્ષી પાર્ટીઓનો આરોપ છે કે કેન્દ્ર સરકાર બિહાર પાસેથી મત અને ટેકો લે છે, પરંતુ ગુજરાત અને અન્ય રાજ્યોમાં હંમેશા ઉદ્યોગો, કારખાનાઓ અને મોટા પ્રોજેક્ટ્સ સ્થપાય છે.

# ૧૯૦૦ ગામ ડૂબ્યાં, ૪૩ના મોત, પૂરના કારણે પંજાબમાં ઠેર ઠેર તારાજી

### શિવરાજ સિંહે પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી, ૨૧ હજાર લોકોને રેસ્ક્યૂ કરાયા



। (એજન્સી) ચંદીગઢ, તા.૬ ।

પંજાબ હાલ કુદરતી આફતનો સામનો કરી રહ્યું છે. ધોધમાર વરસાદના કારણે પૂર આવતાં ૪૩થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૧.૭૧ લાખ હેક્ટરમાં ફેલાયેલો પાક બરબાદ થયો છે. ૨૩ જિલ્લાના ૧૯૦૨ ગામ પાણીમાં ગરકાવ થયા છે. લગભગ ૩,૮૪,૨૦૫ લોકો અસરગ્રસ્ત થયા છે. પૂર પ્રભાવિત ક્ષેત્રોમાં અત્યારસુધી ૨૦,૯૭૨ લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડવામાં આવ્યા છે. પંજાબના મમહેસૂલ, પુનર્વસન અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી હરદીપ સિંહ મુંડિયને જણાવ્યું કે, ભયાવહ પૂરના કારણે ૨૩ જિલ્લાના કુલ ૧૯૦૨ ગામ પ્રભાવિત થયા છે. જેનાથી ૩.૮૪ લાખથી વધુ લોકોનું જીવન ખોરવાયુ છે. પૂર પ્રભાવિત ક્ષેત્રોમાં અત્યારસુધીમાં ૨૦૯૭૨ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ૨૪ કલાકમાં વધુ છ લોકોના મોત થયા છે. આ સાથે ૧૪ જિલ્લામાં મૃતકોની સંખ્યા વધી ૪૩ થઈ છે. હોશિયારપુરમાં સાત, પઠાણકોટમાં છ, બરનાલા અને અમૃતસરમાં ૫-૫, લુધિયાણા અને બઠિંડામાં ચાર-ચાર, ગુરદાસપુર અને એસએએસ નગરમાં બે-બે, પટિયાલા, રૂપનગર, સંગરૂર, ફાઝિલ્કા, અને ફિરોઝપુરમાં ૧-૧ના મોત થયા છે. પઠાણકોટમાં ત્રણ લોકો ગુમ છે. પૂર સંબંધિત આંકડા ૧ ઓગસ્ટથી ચાર સપ્ટેમ્બર સુધીના છે. પંજાબમાં પૂરની તબાહીમાં ખેતરો તણાયા છે. ૧.૭૧ લાખ હેક્ટરમાં ઉભો પાક નષ્ટ થયો છે. ગુરદાસપુર, અમૃતસર, ફાઝિલ્કા, કરૂરથલા, માનસામાં પાકને સૌથી વધુ નુકસાન થયુ છે. આમ આદમી પાર્ટીના પ્રમુખ કેજરીવાલે કેન્દ્ર સરકારને પંજાબને મદદ કરવાની અપીલ કરી છે. કેજરીવાલે નિવેદન આપ્યું છે કે, કેન્દ્ર સરકારને અપીલ કરુ છું કે, તેઓ પંજાબમાં આવેલી આ કુદરતી આફતમાં થઈ શકે તેટલી મદદ કરે. ગઈકાલે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યના પૂરગ્રસ્ત વિસ્તારો અમૃતસર, ગુરદાસપુર, અને કપૂરથલાની મુલાકાત લીધી હતી.

# તંત્રી લેખ...

## મહીસાગરમાં હાઇડ્રો પ્લાન્ટ પર ડૂબેલા ૫ કામદારો હજી લાપતા

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના તાતરોલી પુલ પાસે આવેલા હાઈડ્રો પાવર પ્લાન્ટમાં ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. હાઈડ્રો પ્લાન્ટ પર ડૂબેલા કામદારોમાંથી હજી પણ ૫ કામદાર મળ્યા નથી. જો કે દ્રહ્રઈહ્રની ટીમે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. મિકેનિકલ વિભાગ કામ કરતા અલ્પેશ પટેલ દુર્ઘટનાનો ચિતાર આપ્યો છે. તેમને જણાવ્યું કે ૧૨-૧૩ કામદારો ટર્બાઈન સહિતના કામગીરી કરતા હતા. અચનાક પ્રચંડ પાણીનો પ્રવાહ આવ્યો હતો. ત્યારબાદ ૧૨થી ૧૩ જેટલા કામદારો પાણીના પ્રવાહમાં દીવાલ સાથે અથડાયા હતા.

ઉલ્લેખનીય છે કે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના તાત્રોલી પુલ પાસે આવેલા હાઈડ્રો પાવર પ્લાન્ટમાં ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. કડાણા ડેમમાંથી અચાનક પાણી છોડવામાં આવતા પ્લાન્ટમાં કામ કરી રહેલા ૧૫ જેટલા શ્રમિકો પર પાણીનો પ્રવાહ આવી ગયો હતો. આ ઘટનામાં ૧૦ શ્રમિકો બચી ગયા હતા, જ્યારે પાંચ શ્રમિકો હજુ પણ લાપતા છે. ઘટનાની જાણ થતાં જ દ્રહ્રઈહ્ર ની ટીમ બચાવ કાર્યમાં લાગી ગઈ છે.મિકેનિકલ વિભાગમાં કામ કરતા એક શ્રમિક અલ્પેશ પટેલે જણાવ્યું કે, ટર્બાઈન સહિતની કામગીરી દરમિયાન અચાનક પાણીનો પ્રવાહ આવ્યો હતો. શ્રમિકોનો આરોપ છે કે, કડાણા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું તે અંગે તેમને કોઈ જાણકારી આપવામાં આવી ન હતી. આ હાઈડ્રો પ્લાન્ટ અજંતા એનર્જીનો છે, જે જયસુખ પટેલની માલિકીની કંપની છે.

ગઈકાલે મહીસાગરમાં હાઈડ્રો પ્લાન્ટ પર કામ કરતા ૫ જેટલા શ્રમિકો ડૂબ્યા હતા. લુણાવાડાના તાત્રોલી પુલ પાસે હાઈડ્રો પ્રોજેક્ટની કામગીરીમાં દુર્ઘટના સર્જાઇ હતી.. અચાનક મહીસાગર નદીનું પાણી આવી જતા શ્રમિકો ડૂબ્યા હતા. શ્રમિકનો આક્ષેપ છે કે.. કડાણા ડેમમાઁથી પાણી છોડવામાં આવ્યું તેની જાણ કરવામાં આવી નહતી.અંદર મશીન રિપેરિંગની કામગીરી ચાલી રહી હતી. અને ૧૫ શ્રમિકો કામગીરી કરી રહ્યા હતા.૧૦ શ્રમિક તાત્કાલિક બહાર આવી ગયા અને ૫ લોકો ડૂબી ગયા છે જેની હજુ કોઈ ભાળ મળી નથી.આ હાઈડ્રો પ્લાન્ટ અજંતા એનર્જીનો છે. જે જયસુખ પટેલની માલિકીની કંપની છે.

તો મહીસાગરમાં હાઈડ્રો પ્લાન્ટ પર કામ કરતા ૫ જેટલા શ્રમિકો ડૂબ્યાના સમાચાર છે. લુણાવાડાના તાત્રોલી પુલ પાસે હાઈડ્રો પ્રોજેક્ટની કામગીરીમાં દુર્ઘટના સર્જાઇ છે. અચાનક મહીસાગર નદીનું પાણી આવી જતા શ્રમિકો ડૂબ્યા હતા. ઘટનાની જાણ થતાં જ તંત્ર તેમજ સ્થાનિક ફાયર વિભાગની ટીમો એક્શનમાં આવી અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. તો ઘટના બાદ પુોલીસ વિભાગ પણ દોડતું થયું છે. પ્રાપ્ત વિગતો મુજબ ઓરેવા કંપનીનો પ્લાન્ટ હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

## ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૦૬ ।

સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં રાણીપની આત્મીય વિદ્યાનિકેતન (આત્મીય સંસ્કારધામ) શાળા ખાતે અમદાવાદ જિલ્લાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કક્ષાના ત્રણ પારિતોષિક અને તાલુકા કક્ષાના ત્રણ પારિતોષિક દ્વારા કુલ છ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અમદાવાદ ગ્રામ્યની ત્રણ અને અમદાવાદ શહેરની એક મળીને કુલ ૦૪ શાળાનું શ્રેષ્ઠ શાળા પુરસ્કાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરી હસ્તકની શાળાઓના ૦૭ બાળકોને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના તેમજ ૦૮ બાળકોને CET – કોમન એન્ટ્રસ ટેસ્ટ યોજનામાં ટોપ મેરીટમાં આવવા બદલ પ્રમાણપત્રો પણ આ પ્રસંગે એનાયત કરવામાં આવ્યા હતા. એ જ રીતે અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ૧૫ તેજસ્વી બાળકોને પણ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.


આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં ધારાસભ્યશ્રી ડો. હર્ષદભાઈ પટેલે વિદ્યારૂપી ધનનું મહત્વ, સમાજમાં શિક્ષકોનો મોભો અને દાયિત્વ, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના જીવનના પ્રસંગો સહિતના વિષયોને આવરી લઈને પોતાના આચાર્ય તરીકેના અનુભવોને વાગોળ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દસ્ક્રોઇ તાલુકાની કુજાડ પ્રાથમિક શાળા નં. ૦૨ના એચ. ટાટ મુખ્ય શિક્ષક શ્રી યોગેશકુમાર કાન્તિલાલ પટેલ, ઘાટલોડિયા શાળા નં ૦૩, અમદાવાદના પ્રાથમિક શિક્ષક શ્રી સોનલબેન પ્રફુલ્લભાઈ રાવલ અને કર્મચારી શિક્ષણતીર્થ, ઘાટલોડિયાના માધ્યમિક શિક્ષક શ્રી ગીતાબેન વસંતભાઈ સતાસિયાને જિલ્લા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.

એ જ રીતે, AMCની સરસપુર ગુજરાતી શાળા નં ૦૩ના પ્રાથમિક શિક્ષક શ્રી અરુણાબેન કાન્તિલાલ પ્રજાપતિ, AMCની દાણીલીમડા ગુજરાતી શાળા નં ૦૧ના પ્રાથમિક શિક્ષક શ્રી મેહુલકુમાર લવજીભાઈ સુતરીયા, દસક્રોઈની મેમદપુર પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષક શ્રી સરલાદેવી કમલેશકુમાર તિવારીને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આત્મીય વિદ્યાનિકેતન શાળાના વિદ્યાર્થીઓએ સુંદર પ્રાર્થના રજૂ કરી હતી, જ્યારે દિગ્વિજય સ્કૂલ ન્યુ રાણીપની દીકરીઓએ સ્વાગત નૃત્ય રજુ કર્યું હતું. અમદાવાદ શહેર ઙ્ઘઈ શ્રી રોહિત ચૌધરીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને સૌને આવકાર્યા હતા તથા પ્રસંગ પરિચય આપ્યો હતો. અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડો. બી. એન. પ્રજાપતિએ આભાર વિધિ કરી. કાર્યક્રમનું સંચાલન ડો. કેતન વ્યાસ અને ડો. સ્નેહલ વૈદ્યે સંભાળ્યું હતું. આ પ્રસંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય શ્રી જે. વી. પટેલ, અમદાવાદ શહેર અને ગ્રામ્ય તાલીમ ભવનના પ્રાચાયશ્રી ડો. શૈલેશ બાવા, AMC સ્કુલ બોર્ડના શાસનાધિકારીશ્રી ડો. એલ. ડી. દેસાઈ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જે. કે. પટેલ, આત્મીય વિદ્યાનિકેતનના ટ્રસ્ટી શ્રી કાન્તિલાલ પટેલ, અમદાવાદ ગ્રામ્ય અને શહેરના વિવિધ સંઘોના પદાધિકારીઓ સહિત સન્માનિત શિક્ષકો અને વિદ્યાર્થીઓનો પરિવાર તેમજ શાળા પરિવાર, જિલ્લા અને શહેરની શાળાઓના શિક્ષકો સહીત ૫૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

। રથ સોનાનો બનેલો હતો એના જમણા ચક્રમાં સૂર્ય અને ડાબા ચક્રમાં ચંદ્ર બિરાજમાન હતા, અને મંદરાચલથી રથની બેઠક બની. ઉધાચલ અને અસ્તાચલ વળાંક દેનાર થયાં

# ૧૮૪૧મા શરૂ થયેલાં ભાદરવી પૂનમના મેળાનું સાચું મહાત્મ્ય શું છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દાંતા રાજવી પરિવાર પણ વર્ષોથી અંબાજી આવતાં લાલ દંડા સંઘને તમામ સુવિધાઓ કરી આપે છે. આજે પણ આ પરંપરા અવિરત ચાલુ છે. જ્યારે પણ લાલ દંડા સંઘ દાંતા પહોંચે છે, ત્યારે રાજવી પરિવાર દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. દાંતા રાજવી પરિવારના જુના મહેલમાં રહેલા મા અંબાના મંદિરમાં પૂજા કરીને, ત્યાર બાદ આ લાલ દંડા સંઘ અંબાજી પ્રસ્થાન કરે છે.**

ઈશ્વરની સૃષ્ટિમાં સર્જન અને વિસર્જન એટલે કે જન્મ અને મૃત્યુ નિરંતર ચાલે છે, અને એની પર કાબુ મેળવવો એ સદીઓથી અઘરું છે. બીજુ ચાહે સતયુગ હોય, ત્રેતા યુગ હોય, દ્વાપર યુગ હોય, કે કળિયુગ હોય, પણ માનવી સમયની ગતિને રોકી શકતો નથી, અને પોતાના મનની ગતિને પણ રોકી શકતો નથી. એમાં જો એકલા રહેવાનું થાય તો, મન વિકારીત થવાની પૂરેપૂરી શક્યતા છે. એટલે જ આવી એકલતા ટાળવા ભારતીય સંસ્કૃતિમાં મેળાનું પણ મહત્વ છે. અને તહેવારો ઉત્સવો આ બધું જ ભેગા મળીને ઉજવવાનું કારણ પણ એ જ છે કે મન વિચલિત અવસ્થામાં વિકારિત ન થાય! ભગવાન બુદ્ધ પણ કહેતાં હતા, સંઘમ શરણમ ગચ્છામી. ક્યારેક કોઈ શું વિચારશે! એવું વિચારીને પણ આપણી ધર્મ પ્રત્યેથી આસ્થા વિચલિત થતી નથી,જે બહું જરુરી છે. આજે ભાદરવી પૂનમ છે, અને શક્તિપીઠમાં જ્યાં મા સતીનું હૃદય પડ્યું હતું, એવી અંબાજીની શક્તિપીઠમાં ભાદરવી પૂનમે એક મેળાનું આયોજન થાય છે, અને માઈ ભક્તો દૂર દૂરથી પગપાળા પ્રવાસ કરીને, આ મેળાનો હિસ્સો બને છે. આમ તો હરક્ષણ મા પોતાના ભક્તોની સમસ્યાનું નિવારણ કરે જ છે, એની માટે એકમ શું! અને પૂનમ શું! ને અમાસ શું? પણ છતાં અંબાજીમાં ચાર મેળાનું મહત્વ છે, કાર્તિક પૂર્ણિમા, ચૈત્ર પૂર્ણિમા, ભાદરવી પૂર્ણિમા,અને આસો પૂર્ણિમા. ભાદરવા સુદ પૂનમના દિવસે અહીં મોટાં પાયે મેળાનું આયોજન થાય છે, તો ચાલો અંબાજી.

આપણે સૌ જાણીએ છીએ કે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર થી ૫૦ કિલોમીટર દૂર આવેલા દાતાની અરવલ્લીની સૌથી પ્રાચીન ગિરમાળાઓમાં દેશની ૫૧ શક્તિપીઠો માની મહત્વની શક્તિપીઠમાં અંબાજી એટલે કે શક્તિનું હૃદય કહેવાય એવી શક્તિપીઠ આવેલી છે. દંત કથા અનુસાર દક્ષયજ્ઞમાં પોતાની જાતને હોમી દેનાર સતીનો અર્ધ બળેલો દેહ લઈ ભગવાન શંકર અત્યંત ક્રોધમાં સ્વર્ગલોક, મૃત્યુલોક, અને પાતાળ લોકમાં ઘૂમે છે. એમનો ક્રોધ સમગ્ર સૃષ્ટિના પ્રલય માટે પર્યાપ્ત હતો, અને એવું ન થાય એની માટે થઈને ભગવાન વિષ્ણુ બાણથી સતીના મૃત પામેલા દેહના ટુકડા ટુકડા કરતા જાય છે, અને એ ટુકડો જ્યાં પડે ત્યાં આગળ શક્તિપીઠનું સર્જન થયું છે, અને ભગવાન વિષ્ણુના બાણથી જ્યારે સતીનું હૃદય પડ્યું એ સ્થાન આજે અંબાજી શક્તિપીઠ તરીકે ઓળખાય છે.

એક પૌરાણિક કથા અનુસાર પાટણના શિહોરી ના રાજમાતા નાં પુત્ર ભીમસિહને ૫૨ વર્ષ સુધી પુત્ર ન્હોતો! રાજમાતાને જાણ થઈ કે એમનાં કુળદેવી અંબાજી અને ત્યારે એમણે પાંચ વર્ષ સુધી યજ્ઞની અને ૫૧ ભૂદેવ ને ભોજનની માનતા રાખી હતી! ભાદરવા સુદ દસમથી આ ભૂદેવોએ અંબાજી જવા પગપાળા નિસર્યા અને પૂનમે પહોંચ્યા હતા.

હિંદુ પંચાંગ મુજબ ભાદરવા બાદ આસો મહિનો આવતો હોવાથી, આસો મહિનામાં માતાજીને પોતાના ગામ, મહોલ્લો, કે ઘરે, આવવાનું ભાવભર્યું આમંત્રણ આપવા માટે ભાદરવી પૂનમનો મેળો ભરવામાં આવે છે. ભક્તો પોતાની શ્રદ્ધાના પ્રતિક રૂપે લાલ ધજા લઈને આવે છે, અને મંદિરે ચઢાવેલી ધ્વજા દરેક જણ પોતાના ગામમાં પાછા લાવીને ત્યાં તેનું સ્થાપન કરે છે. એટલે કે ભાદરવી પૂનમના દિવસે માતાજીને પોતાની સાથે આવવાનું તેડું કરવા જાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે અંબાજીની શક્તિપીઠમાં કોઈ મૂર્તિ ચિત્ર કે અન્ય સ્વરૂપની પૂજા થતી નથી, પરંતુ વીસાયંત્રની પૂજા કરવામાં આવે છે, અને એ પણ એક ગોખમાં રાખેલ છે! જેમાં ૫૧ અક્ષર આવેલા છે, અને એની પૂજા આંખે પાટા બાંધીને જ કરવામાં આવે છે, ઉજ્જૈન અને નેપાળની શક્તિપીઠના મૂળ યંત્ર સાથે આ યંત્ર મળતું આવે છે. આ મંદિરના ગર્ભ દ્વારમાં અમુક વર્ણનાં લોકો સિવાયના લોકોને સ્થાન નથી. અહીં પાવડી પુજાનું પણ ખૂબ જ મહત્વ આંકવામાં આવ્યું છે, અને પાવડી પૂજા દરમિયાન નાગરો તથા બ્રાહ્મણોને ગર્ભ દ્વારમાં પ્રવેશ આપવામાં આવે છે. અંબાજીમાં નાગરોની ધર્મશાળાઓ પણ આવેલી છે, અને જે સીધા મંદિરના પરિસરમાં નીકળતો માર્ગ પણ ધરાવે છે. સવારે સ્નાનાદીથી પરવારી અને રેશમી વસ્ત્ર પહેરી, સીધા મંદિરમાં જઈ અને ગર્ભ દ્વારમાં પાવડી પૂજા માટે જઈ શકાય છે, રેશમી વસ્ત્ર પહેરવું ફરજિયાત છે, મને પણ નાગર હોવાને નાતે બે ત્રણવાર પાવડી પૂજાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

સૌપ્રથમ આ પરંપરા એટલે કે ભાદરવી પૂનમના દિવસે અંબાજી પગપાળા જવું એ લાલ દંડા સંઘ એ શરૂ કરી હતી, અને લાલ દંડા સંઘ એ આ યાત્રા કરી એની પાછળ ઈતિહાસ પણ જોડાયેલો છે. કહેવાય છે કે વર્ષો અગાઉ અમદાવાદમાં જ્યારે પ્લેગ રોગ ફાટી નીકળ્યો હતો. ત્યારે તત્કાલીન નગરશેઠ દ્વારા મા અંબાજીની બાધા રાખવામાં આવી હતી, કે જો શહેરમાંથી પ્લેગ રોગ નાબૂદ થઈ જશે, તો તેઓ ના કહેવાથી અમુક વર્ણના લોકો મા અંબાનાં દર્શને આવશે. સદીઓથી નાગરો મા અંબાના ઉપાસકો રહ્યા છે, એટલે એ સમયથી ભાદરવી પૂનમ માટે નગરો કે બ્રાહ્મણો સંઘ લઈ અંબાના સાનિધ્યમાં એમને નોતરું દેવા તેમજ બાધા પુરી કરવા જાય છે. જેને પગલે વર્ષો પહેલાંથી શરૂ થયેલ આ વાત આજે પરંપરા બની અને અમદાવાદથી પાંચ નાગરો કે બ્રાહ્મણો અંબાજી પગપાળા હોંશેહોંશે મા જગતજનની જગદંબાનું સ્મરણ કરતાં કરતાં આ યાત્રા કરે છે.

દાંતા રાજવી પરિવાર પણ વર્ષોથી અંબાજી આવતાં લાલ દંડા સંઘને તમામ સુવિધાઓ કરી આપે છે. આજે પણ આ પરંપરા અવિરત ચાલુ છે. જ્યારે પણ લાલ દંડા સંઘ દાંતા પહોંચે છે, ત્યારે રાજવી પરિવાર દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. દાંતા રાજવી પરિવારના જુના મહેલમાં રહેલા મા અંબાના મંદિરમાં પૂજા કરીને, ત્યાર બાદ આ લાલ દંડા સંઘ અંબાજી પ્રસ્થાન કરે છે. જ્યાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેક્ટર આ લાલ દંડા સંઘનું સ્વાગત કરે છે.



આપણને લાગે કે હવે લોકો આવી વાતોને નહીં, પણ વિજ્ઞાન વિકાસની વાતમાં વધુ માનતા હશે! પણ એવું નથી! આધુનિક યુગમાં પણ લોકોની આસ્થા અકબંધ છે,અને દર વર્ષે યોજાતા ભાદરવી પૂનમના મેળામાં ૩૦ લાખથી વધુ માઈભક્તો મા અંબાના દર્શન કરી નવરાત્રિ નિમિત્તે પોતાના ગામ પધારવા મા અંબાને ભાવભીનું આમંત્રણ આપે છે.

ભાદરવી પૂનમનો મેળો યોજાય છે ત્યારે ગુજરાત જ નહીં, પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ લોકો પગપાળા આવી મા અંબાના દર્શન કરે છે. પોતાની જે પણ મનોકામના છે, તે મા આગળ મૂકે છે, કારણકે આખરે માતા જ પોતાના સંતાનનું દુઃખ સમજી તેનાં નિરાકરણનો ઉપાય શોધશે એવી દરેક ભક્તને શ્રદ્ધા હોય છે, અને જો આપણી શ્રદ્ધામાં કોઈ વિકાર ન હોય તો તે પૂર્ણ પણ થતી જોવા મળે છે. આમ કઠિનમાં કઠિન સમસ્યાનું નિવારણ મા અંબાના દરબારમાં જ છે! અને તેથી જ લોકો કઠિન પદયાત્રા કરી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આપણે સૌ પણ નવરાત્રી નિમિત્તે આજથી જ અંતરમાં મા જગતજનની જગદંબાનાં અનન્ય સ્વરૂપ વિશે શ્રદ્ધા બની રહે, એવા પ્રયત્નો કરીએ, અને તેનાં ધામ માંથી આપણા નિવાસમાં પધારે, તેમજ ગરબા રુપે આ દેહ રુપી ઘટમાં વસી આપણું અંતર અજવાળતી રહે અને આપણે એ શક્તિને અનુસરી શકીએ,અનુભવી શકીએ આત્મસાત કરી શકીએ અને એની જેમ સૌનું ભલું કરીએ. બોલો જય અંબે.

કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે.તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે

# પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ. વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાયછે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું,તમે કર્દમને કન્યા દાન કરો. મનુમહારાજ, શત રૂપા અને દેવહુતિ સાથે કર્દમઋષિ ના આશ્રમમાં આવે છે.કર્દમવિવેક થી દેવહુતિની પરીક્ષા કરે છે કર્દમ ઋષિએ ત્રણ આસનો બિછાવ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે મનુ,શતરૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી. કર્દમે કહ્યું,આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!**

આજે વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા સુદ પૂનમના માં અંબેનો પદયાત્રી મેળો સંપન્ન થશે સાથે પિતૃઓના અર્પણ તરપણનું પખવાડિયું શ્રાદ્ધ પક્ષ શરૂ થશે. આ વર્ષે શ્રાદ્ધનો એક દિવસ ઘટે છે અને નવલાં નોરતાનો એક દિવસ વધે છે તો આજે તા. ૭-૯- ૨૫ રવિવારના ખગ્રાસ ચંદ્રગ્રહણ પણ કુંભ રાશી અને શતભિષા તથા પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્રમાં થનાર છે આ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાવાનું હોઈ,ધાર્મિક રીતે પાળવાનું રહેશે.જ્યોતિષશાસ્ત્ર મુજબ આ ચંદ્રગ્રહણનો વેધ

તા. ૭-૯-૨૫ રવિવારના બપોરના ૧૨:૫૭કલાકથી લાગી જશે.પરંતુ બાળકો,બિમાર વ્યક્તિઓ, સગર્ભા મહિલાઓ અને વૃધ્ધોએ સાંજે ૭:૩૩ કલાકથી વેધ પાળવાનો રહેશે. આપણે ભગવદ્ ગીતાજ્ઞાનમાં જોઈએ કે,જગતની કોઈવસ્તુ સુંદર નથી.વિકાર આંખ માં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે,પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં,હૃદયની સુંદરતા જુઓ.જગત કરતાં પણ જગત નો સર્જનહાર સુંદર છે.લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામ સુંદર કેટલો સુંદર હશે?એ તો નિત્ય સુંદર છે તેવું માનજો.

ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે.કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે. નાથ તમને પ્રાપ્ત કરી સંસારસુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્માજીએ આજ્ઞા કરી છે, તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી. મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે. ધર્મમાં આચરણ માટે પત્ની છે એટલે તો પત્નીને ધર્મપત્ની કહી છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મ માર્ગમાં આગળ વધી શકતા નથી.એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસાર સાગર પાર કરી શકે નહીં.સ્ત્રીએ નાવડી અને પુરુષ એ નાવિક છે. એકને બીજાનો સાથ જોઈએ. પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ.વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે પુરુષએ જ્ઞાન સ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે.સ્ત્રીએ ક્રિયા શક્તિ છે.

ઘણાંને આશ્ચર્ય થશે કે, કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી?કર્દમે વિચાર્યું કે,હજારો જન્મોની કામ વાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે,તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી.

ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે.

હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. જગતને મારે સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રીહરિ ત્યાંથી વિદાય થયા.

પતિ-પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે,હું તેમને ત્યાં જન્મ લઉં.

નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું,તમે કર્દમને કન્યા દાન કરો.મનુમહારાજ, શત રૂપા અને દેવહુતિ સાથે કર્દમઋષિ ના આશ્રમમાં આવે છે.કર્દમવિવેક થી દેવહુતિની પરીક્ષા કરે છે કર્દમ ઋષિએ ત્રણ આસનો બિછાવ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે મનુ,શતરૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી. કર્દમે કહ્યું,આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!

દેવહુતિએ વિચાર કર્યો કે,ભવિષ્ય માં આ મારા પતિ થવાના છે.પતિ એ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસન ની બાજુમાં બેસે છે.

બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે. આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે.

કર્દમ વિચારે છે,છોકરી છે તો લાયક લગ્ન કરવામાં હરકત નથી. મનુમહારાજે કહ્યું,આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું. કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું.મારાં લગ્ન વિલાસ માટે નથી,પણ કામનો વિનાશ કરવા માટે છે.કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે.એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ.

કન્યાદાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે,સંતતિઓ માટે એવુંનથી લખ્યું, માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મપુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે. પિતા પુત્રને કહે છે,તું મારોઆત્મા છે.એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે. કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે.તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે.

લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે.કારણ બધા જાણે છે કે,લગ્ન કર્યા પછીએ સાવધ રહેવાનો નથી.લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યોઅથવા જે પહેલા સાવધાન થયો તે જીત્યો

રામદાસ સ્વામી લગ્ન પહેલાં સાવધાન થયા હતા.લગ્નમંડપમાં ગોર મહારાજ સાવધાન બોલવા લાગ્યા,એટલે રામદાસ સ્વામી સાવધ થઈ ગયા અને લગ્નમંડપ માંથી ભાગી ગયા.ભોગ વગર રોગ થાય નહીં. કેટલાક રોગ પૂર્વ જન્મના પાપથી થાય છે.ત્યારે કેટલાક રોગ આ જન્મના ભોગ- વિલાસથી થાય છે.ભોગભોગવવા માં રોગોનો ભય છે જ. ભોગ વધે એટલે આયુષ્યનો ક્ષય થાય છે. ભોગો ભોગવાતા નથી.આપણેજ ભોગવાઈ જઈએ છીએ.ઘર સંસાર બગડયો ત્યારથી કે જ્યાર થી વરરાજા મોટરમાં બેસવા લાગ્યા હાલના વરરાજાને ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે.અલ્યા એક ઘોડો તને પાડી નાંખશે તો અગિયાર ઘોડા તારી શું દશા કરશે?એક ઘોડાને તું સાચવી શકે નહીં તો અગિયાર ઘોડાઓને કેમ કરી સાચવશે?આ અગિયાર ઘોડાએ અગિયાર ઇન્દ્રિયો છે.

કર્દમઋષિએ આદર્શ બતાવ્યો છે. તેઓ કહે છેકે,મારું લગ્ન એકસત પુત્રને માટે છે.તે પછી હું સંન્યાસ લઈશ. આ મારો નિયમ તમારી કન્યાને માન્ય હોય તો લગ્ન કરું.

મનુમહારાજ વિચારમાં પડી ગયા કે, આ તો પરણતાં પહેલાં જ સંન્યાસની વાત કરે છે.પણ દેવ હુતિ સાધારણ સ્ત્રી ન હતી. તેણે કહ્યું, મારે એવા પતિની જરૂર છે. દેવહુતિ એટલે દેવને બોલાવનારી શક્તિ.નિષ્કામ બુદ્ધિ દેવને બોલાવી શકે છે.

મનુમહારાજે વિધિપૂર્વક કન્યાનું દાન કર્યું. દેવહુતિ-કર્દમનાં લગ્ન થયાં. દેવહુતિ-કર્દમ આશ્રમમાં વિરાજ્યાં. મારા પતિ તપસ્વી છે તો મારે પણ તપસ્વિની બનવું જોઈએ. બાર વર્ષ એક જ ઘરમાં સંયમથી રહ્યાં છે.

### ત્રણ વખતના ગ્રેમી વિજેતા રિકી કેજે 'પાપા બુકા' માટે બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપ્યું છે

# રિકી કેજનાં સંગીતે પાપુઆ ન્યુ ગિનીને ઓસ્કારમાં એન્ટ્રી અપાવી



ત્રણ વખતના ગ્રેમી વિજેતા રિકી કેજે પાપા બુકા માટે બૅકગ્રાઉન્ડ મ્યુઝિક આપ્યું છે, જે ઓસ્કારમાં પાપુઆ ન્યુ ગિનીની પ્રથમ સત્તાવાર એન્ટ્રી છે. ત્રણ વખતનાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા ડૉ. બીજુ (બિજુકુમાર દામોદરન) દ્વારા ડિરેક્ટ થયેલી, આ ફિલ્મને શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ(ટોક પિસિન) કૅટેગરીમાં પસંદ કરવામાં આવી છે.તેને ગર્વની ક્ષણ ગણાવતા, પદ્મશ્રી પુરસ્કાર વિજેતા રિકી કેજ કહે છે, ''આ ઓસ્કારની દોડમાં પહેલું પગલું છે, પરંતુ મારા માટે, ૩,૦૦૦ વર્ષથી વધુ જૂના ઈતિહાસમાં મૂળ સંગીત બનાવવાનો આનંદ રહેલો છે. ભારત અને પાપુઆ ન્યુ ગિની વચ્ચેનો આ સહયોગ ભારતીય ઈતિહાસકારોની વાર્તા કહે છે કે જેઓ બીજા વિશ્વયુદ્ધના એક સ્થાનિક અનુભવીને શોધી રહ્યા છે, જે તેમને ભુલાઈ ગયેલા રહસ્યો જાણવામાં મદદ કરે.'' આ સંગીત માટે, કેજે આદિવાસી અવાજોમાંથી પ્રેરણા લીધી. આ અંગે તેઓ જણાવે છે, ''આ ખૂબ જ સૂક્ષ્મ ફિલ્મ છે, તેથી સંગીત તેની સાથે સુમેળમાં હોવું જરૂરી હતું. મેં તેને બનાવવા માટે દેશી આદિવાસી સંગીત, સ્વદેશી વાદ્યો, જંગલના અવાજો, લય, આર્કાઈવલ રેકોર્ડિંગ્સ અને કુદરતી અવાજો-સ્થળોનો અભ્યાસ કર્યો.'' ફિલ્મના કલાકારોમાં મુખ્ય ભૂમિકાઓમાં અભિનેતા સાઈન બોબોરો, જોન સાઈકે, રીતોબોરી ચક્રવર્તી અને પ્રકાશ બેરનો સમાવેશ થાય છે. કેજ કબૂલે છે કે જેનો સમાજ પર મજબુત પ્રભાવ પડી શકે તેમ હોય એવી જ ફિલ્મ તેઓ પસંદ કરે છે. એટલા માટે, ગ્લોબલ પ્રોજેક્ટ છતાં, તેમણે હજુ સુધી બોલીવુડ માટે સંગીત આપ્યું નથી. રિકિ કેજે કહ્યું, ''મને હિન્દી ફિલ્મો જોવાનું ગમે છે પણ હું આઈટમ નંબર કે પુરુષવાદી વિચારધારાના ગીતો કરી શકતો નથી. હું એવા સંગીત સાથે જોડાયેલો છું જે મારું પ્રતિનિધિત્વ કરે છે અને કદાચ તેથી જ મેં ત્રણ ગ્રેમી એવૉર્ડ જીત્યા છે. છતાં, મને કોઈ દિવસ બોલિવૂડ માટે સંગીત આપવાનું ગમશે.'' એટલા માટે, ગ્લોબલ પ્રોજેક્ટ છતાં, તેમણે હજુ સુધી બોલીવુડ માટે સંગીત આપ્યું નથી. રિકિ કેજે કહ્યું, ''મને હિન્દી ફિલ્મો જોવાનું ગમે છે પણ હું આઈટમ નંબર કે પુરુષવાદી વિચારધારાના ગીતો કરી શકતો નથી. હું એવા સંગીત સાથે જોડાયેલો છું જે મારું પ્રતિનિધિત્વ કરે છે અને કદાચ તેથી જ મેં ત્રણ ગ્રેમી એવોર્ડ જીત્યા છે. છતાં, મને કોઈ દિવસ બોલિવૂડ માટે સંગીત આપવાનું ગમશે.''

**૨૦૨૬ના ક્રિસમસ પર આ ફિલ્મ રિલીઝ થવાની તૈયારી**

**એક ઇન્ટરવ્યુમાં સ્પષ્ટતા કરી હતી કે માત્ર તારીખોના પ્રશ્નોને કારણે જ દિલજીતે આ પ્રોજેક્ટ છોડી દીધો હતો**

# 'નો એન્ટ્રી ૨' ત્રણેય મુખ્ય કલાકારો ડબલ રોલમાં જોવા મળશે

અનીસ બાઝમીની ૨૦૦૫ની કોમેડી હિટ 'નો એન્ટ્રી'ની લાંબા સમયથી રાહ જોવાતી સિક્વલ આખરે ગતિ પકડી રહી છે. 'નો એન્ટ્રી ૨' નામની આ ફિલ્મ ૨૦૨૬ના ક્રિસમસમાં રિલીઝ થવાની શક્યતાઓ છે.આ ફિલ્મમાં અર્જૂન કપૂર અને વરુણ ધવન લીડ રોલમાં છે, જે તે બંને ડબલ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં ત્રીજો લીડ રોલ દિલજિત દોસાંજનો હતો, જેણે હવે તારીખોના કારણે આ ફિલ્મ છોડી દીધી હોવાનું બે દિવસ પહેલાં બોની કપૂરે જાહેર કર્યું હતું.



અભિનેતા અને ગાયક દિલજીત દોસાંઝને અગાઉ વરુણ ધવન અને અર્જુન કપૂર સાથે ત્રણ લીડ કલાકારોમાંથી એક તરીકે કાસ્ટ કરવામાં આવ્યો હતો, તે હવે ફિલ્મનો ભાગ નથી. તેના બહાર નીકળવાથી ઓનલાઈન અટકળો શરૂ થઈ હતી, જેમાં સર્જનાત્મક મતભેદો અથવા તેમની તાજેતરની ફિલ્મ 'સરદારજી ૩'માં હાનિયા આમિરની ભૂમિકાને સંભવિત કારણો માનવામાં આવે છે.જોકે, પ્રોડ્યુસર બોની કપૂરે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સ્પષ્ટતા કરી હતી કે માત્ર તારીખોના પ્રશ્નોને કારણે જ દિલજીતે આ પ્રોજેક્ટ છોડી દીધો હતો. બોની કપૂરે કહ્યું, ''હા, અમે સારી રીતે સમજ પૂર્વક અલગ થયા છીએ કારણ કે તારીખો અમારી જરૂરિયાતો સાથે મેળ ખાતી ન હતી; આશા છે કે, અમે ટૂંક સમયમાં એક પંજાબી ફિલ્મ સાથે મળીને કામ કરીશું.'' દિલજિત હાલમાં એક સાથે એકથી વધુ કામમાં વ્યસ્ત છે. જેમાં ૨૬ ઓક્ટોબરથી ૧૩ નવેમ્બર, ૨૦૨૫ સુધી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ઓરા ટૂરનો સમાવેશ થાય છે અને તેના ચાલુ ફિલ્મ પ્રોજેક્ટ્સ પણ છે તેથી તેની પાસે નો એન્ટ્રી ૨ માટે તારીખ બચતી નહોતી.

### એક્ટર તુષાર કપૂર છેલ્લે 'કપકપી'માં જોવા મળ્યો હતો


# તુષાર કપૂર પ્રકાશ ઝાની પોલિટિકલ થ્રિલર ફિલ્મ 'જનાદેશ'માં જોડાયો

### જનાદેશ સાથે, તુષાર કપૂર તેના સામાન્ય કોમિક આઉટિંગ્સથી ઘણો દૂર એક અવતારમાં દર્શકોને આશ્ચર્યચકિત કરવા માટે તૈયાર



એક્ટર તુષાર કપૂર છેલ્લે 'કપકપી'માં જોવા મળ્યો હતો, હવે 'જનાદેશ' નામની રાજકીય થ્રિલર ફિલ્મ માટે તૈયારી કરી રહ્યો છે. પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડ્યુસર પ્રકાશ ઝાની ફિલ્મમાં તુષાર કપૂર લીડ રોલ કરી રહ્યો છે.આ ફિલ્મ તેના હાથમાં કેવી રીતે આવ્યો તે શેર કરતા તુષારે ખુલાસો કર્યો કે, ''પ્રકાશજીએ મને ફોન કર્યો અને કહ્યું કે આ ફિલ્મમાં મારા માટે એક પાત્ર છે. આ અચાનક બની ગયું, લગભગ બ્રહ્માંડમાંથી મળેળાં એક સંકેત જેવું હતું.''વર્ષોથી કોમિક અને હળવાશભર્યા રોલ સાથે ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવ્યા પછી, તુષાર જનાદેશને તેની ગતિમાં તાજગીસભર પરિવર્તન તરીકે જુએ છે. ''કોઈપણ ઈમેજથી અલગ થવાનો નિર્ણય ઈરાદાપૂર્વક નહોતો'' આવું કહેતા તુષારે કોમેડી ફિલ્મથી અલગ ફિલ્મ કરવા વિશે વાત કરી. તુષારે કહ્યું, ''હું પોલિટિકલ થ્રિલર ફિલ્મ કરવા માંગતો હતો, ખાસ કરીને પ્રકાશ ઝા જી જેવા વ્યક્તિ સાથે, જે આ શૈલીની ફિલ્મમાં શ્રેષ્ઠ છે. હું તેમના કામનો પ્રશંસક રહ્યો છું અને હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મને એક અભિનેતા તરીકે એક નવી જગ્યા શોધવાની તક મળી.''પોતાની તૈયારી પ્રક્રિયા વિશે તુષારે શેર કર્યું, ''પ્રકાશજી અને હું નાના-વર્કશોપ માટે મળી રહ્યા છીએ જેથી પાત્રનો અભ્યાસ કરી શકાય અને સમજી શકાય કે તે મને ભૂમિકામાં કેવી રીતે જુએ છે અને તે મારી પાસેથી શું અપેક્ષા રાખે છે.'' ભૂમિકા વિશે પૂછવામાં આવતા, તુષારે સ્પષ્ટતા કરી કે તે કોઈ એક વ્યક્તિનું સીધું પ્રતિનિધિત્વ નથી. ''આ એક કાલ્પનિક પાત્ર છે, જે વાસ્તવિક જીવનના વ્યક્તિત્વ પર આધારિત નથી, પરંતુ તે વાસ્તવિક લોકો અને સાચી ઘટનાઓથી પ્રેરિત છે. તેનો વિચાર તેને અધિકૃત અને વિશ્વાસપાત્ર રાખવાનો છે અને હું તેના પર કામ કરી રહ્યો છું.''જનાદેશ સાથે, તુષાર કપૂર તેના સામાન્ય કોમિક આઉટિંગ્સથી ઘણો દૂર એક અવતારમાં દર્શકોને આશ્ચર્યચકિત કરવા માટે તૈયાર છે.

# નેપોટીઝમના ફાયદા ખરા, પરંતુ સ્ટાર કિડ્ઝ માટે દરેક ભૂલ મોટી છે : અહાન



**સુનીલ શેટ્ટીનો પુત્ર હોવાને કારણે તેને તકો અને વિકલ્પો મળે છે, પરંતુ દરેક નિષ્ફળતો ભાર અન્ય લોકો કરતા વધારે હોય છે**

સુનીલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટીએ ૨૦૨૧માં ફિલ્મ 'તડપ' દ્વારા બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, તેની પાસે એક પછી એક રોમાન્ચક ફિલ્મ છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તેણે બોલિવૂડમાં ચાલી રહેલા નેપોટીઝમના વિવાદ વિશે ખુલાસો કર્યો. તેણે સ્વીકાર્યું કે સુનીલ શેટ્ટીનો પુત્ર હોવાને કારણે દરવાજા ખુલે છે અને તેને તકો મળે છે, ત્યારે તેણે કહ્યું કે આ જ કારણસર તેની પાસેથી અપેક્ષાઓ ઘણી વધારે છે. તેણે સમજાવ્યું કે દરેક ભૂલને મોટી બનાવી દેવાય છે અને તેની દરેક નિષ્ફળતા વધારાનો ભાર ધરાવે છે.અહાન શેટ્ટીએ ઈન્ટરવ્યુમાં નેપો-કિડ હોવા સાથે મળતા વિશેષાધિકારો વિશે પોતાના વિચારો શેર કર્યા. તેણે કહ્યું, ''હું ક્યારેય નકારીશ નહીં કે હું ક્યાંથી આવ્યો છું; મારા પિતાનો પુત્ર હોવાને કારણે મને પ્રવેશ અને તકો મળે છે. પરંતુ તેનો અર્થ એ પણ છે કે અપેક્ષાઓ વધારે છે અને દરેક ઠોકર મોટી થાય છે. હું જાણું છું કે મારી દરેક સફળતા તેમણે બનાવેલા નામ પર અસર કરે છે, અને દરેક નિષ્ફળતા વધારાનો ભાર ધરાવે છે. હું બંનેનો ઉપયોગ વધુ મહેનત કરવા માટે ઉર્જા તરીકે કરવાનો પ્રયાસ કરું છું, મારી જાતને સાબિત કરવા માટે કે હું ફક્ત મારી અટકને કારણે અહીં નથી.''તેણે ઉમેર્યું કે ક્યારેક અટક પણ ભારે લાગે છે, કારણ કે તેના પિતાનું નામ ખૂબ આદર ધરાવે છે. અહાને કહ્યું, ''પરંતુ હું તેને બોજ તરીકે જોતો નથી. મેં તેની ચિંતા કરવાનું બંધ કરવાનો અને તેને માર્ગદર્શન તરીકે જોવાનું શરૂ કરવાનો રસ્તો શીખી લીધો છે.'' હાલ અહાન 'બોર્ડર ૨'માં વ્યસ્ત છે, ત્યારે તેણે કહ્યું, ''ભૂતકાળ એવી બાબત છે, જેમાંથી હું શીખી શકું છું, એવી બાબત નથી જે મને બોજ આપે છે.''તે આગામી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રિલીઝ થનારી દેશભક્તિપૂર્ણ ફિલ્મ 'બોર્ડર ૨'માં જોવા મળશે. અનુરાગ સિંહ દ્વારા ડિરેક્ટેડ આ ફિલ્મમાં સની દેઓલ, વરુણ ધવન અને દિલજીત દોસાંજ પણ છે.




**'સ્ટુડન્ટ ઓફ ધ યર' સિરીઝ યુવા પ્રતિભા માટે લોન્ચપેડ**

# સ્ટુડન્ટ ઓફ ધ યર 3 વેબ-સિરીઝમાં શનાયા કપૂર ડબલ રોલ કરશે



### આંખો કી ગુસ્તાખિયાંથી લઈને મોટા ધર્મા પ્રોજેક્ટ સુધી, શનાયા સ્ટાર-મેકિંગ ફ્રેન્ચાઇઝમાં એન્ટ્રી કરશે

'આંખો કી ગુસ્તાખિયાં'થી અભિનયની શરૂઆત કરનાર સંજય કપૂરની દિકરી શનાયા કપૂર, 'સ્ટુડન્ટ ઓફ ધ યર' ફ્રેન્ચાઈઝના આગામી ચેપ્ટરમાં કેન્દ્ર સ્થાને રહેવાની છે. તાજેતરના અહેવાલો મુજબ, શનાયા ત્રીજા ભાગમાં લીડ રોલ કરશે, જે થિયેટર રિલીઝ ફિલ્મને બદલે વેબ-સિરીઝ તરીકે તૈયાર થશે, જે ફ્રેન્ચાઈઝીની લોકપ્રિયતામાં નોંધપાત્ર વધારો દર્શાવે છે.'સ્ટુડન્ટ ઓફ ધ યર' સિરીઝ ઐતિહાસિક રીતે યુવા પ્રતિભા માટે લોન્ચપેડ રહી છે. પ્રથમ ભાગથી વરુણ ધવન, સિદ્ધાર્થ મલ્હોત્રા અને આલિયા ભટ્ટે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું, જ્યારે બીજી ફિલ્મથી અનન્યા પાંડે અને તારા સુતારિયા ચર્ચામાં આવ્યાં, જેમાં ટાઈગર શ્રોફ મુખ્ય ભૂમિકામાં હતો. આગામી વેબ-સિરીઝનો હેતુ નવી કલાકારોને લોંચ કરવાનો સિલસિલો ચાલુ રાખવાનો છે, જેમાં શનાયા હવે મોખરે છે.રસપ્રદ વાત એ છે કે, અહેવાલો સૂચવે છે કે શનાયા આ સિરીઝમાં ડબલ રોલ ભજવશે, જે સ્ટોરીને વધુ રસપ્રદ અને મજાની બનાવશે. આ પાત્ર સ્ટોરીને એક નવો વળાંક આપશે તેવી અપેક્ષા છે, જ્યારે શનાયા તેની અભિનય ક્ષમતા પણ બતાવી શકશે અને તેના માટે ડબલ રોલ કરવો એક પડકાર પણ રહેશે.આ સિરીઝ શનાયા કપૂર માટે વ્યક્તિગત રીતે પણ મહત્વની છે, કારણ કે ધર્મા એન્ટરટેઈનમેન્ટે તેમની રિલીઝ યોજનાઓમાં ફેરફાર કર્યા તે પહેલાં તે મૂળ રીતે તે આ સિરીઝથી લોંચ થવાની હતી. આ ફ્રેન્ચાઈઝી સાથેનું તેનું જોડાણ હવે તેની કારકિર્દીમાં એક મહત્વનો પડાવ બની રહેશે, જે તેને ગ્લેમર અને ઊંડાણ બંનેની તક આપતી ભૂમિકા સાથે ઈન્ડસ્ટ્રીમાં તેનું સ્થાન મજબૂત કરવાની તક આપે છે.આ સિરીઝની આગળની ફિલ્મની જેમ, વેબ-સિરીઝ રોમાંસ, મિત્રતા અને મહત્વાકાંક્ષાના વિષયોને એકસાથે ગૂંથશે તેવી અપેક્ષા છે, આ સિરીઝમાં પણ કલાકારોની સ્ટુડન્ટલાઈફની વાત કરવામાં આવશે, જેઓ તેમના જીવનના મહત્વના પડાવ પર છે અને જીવનના ચડાવ ઉતારનો સામનો કરે છે.



આલિયા ભટ્ટે રાહાના કોપેરેન્ટિંગ અને કામ વચ્ચે બેલેન્સ કરવાના ફાયદા અને ગેરફાયદા વિશે વાત કરી

# 'લવ એન્ડ વોર'ના વ્યસ્ત સમયપત્રક વચ્ચે આલિયાએ રાહાના ઉછેર વિશે વાત કરી

આલિયા ભટ્ટ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી સફળ અને વ્યસ્ત અભિનેત્રીઓમાંની એક છે. પોતાના કામ અને એક પછી એક ફિલ્મ કરવાની સાથે હવે તે એક બાળકની માતા પણ છે અને તેથી તે તેના અંગત અને વ્યાવસાયિક જીવન વચ્ચે યોગ્ય સંતુલન જાળવી રહી છે. આલિયા હાલમાં સંજય લીલા ભણસાલી સાથેની તેની આગામી ફિલ્મનાં શૂટિંગમાં વ્યસ્ત છે. જેમાં તે લીડ રોલમાં જોવા મળશે તે ફિલ્મમાં રણબીર કપૂર સાથે પણ છે.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આલિયાએ તેની પુત્રી રાહાને રણબીર સાથે મળીને તે કઈ રીતે ઉછેરે છે, તે અંગે તેણે વાત કરી હતી. જે પણ ઘણીવાર સેટ પર હોય છે. આલિયાએ દાવો કર્યો કે હાલ મોટાભાગની ફિલ્મનું શૂટિંગ થઈ ચૂક્યું છે અને મુખ્ય દ્રશ્યો રાત્રે શૂટ કરવવામાં આવ્યા હતાં, ત્યારે તેણે અને રણબીરે દિવસ દરમિયાન રાહા સાથે સમય વિતાવ્યો હતો.આલિયા ભટ્ટે રાહાના કૉપેરેન્ટિંગ અને કામ વચ્ચે બેલેન્સ કરવાના ફાયદા અને ગેરફાયદા વિશે વાત કરી. આલિયાએ કહ્યું, ''આ મજાનો અનુભવ લાગે છે, પરંતુ કોઈ ગેરફાયદા નથી - ફક્ત ફાયદા. અમે મોટાભાગની ફિલ્મ રાત્રે શૂટ કરી છે, તેથી અમે સામાન્ય રીતે દિવસ દરમિયાન તેની સાથે હોઈએ છીએ. અમુક એવા દિવસો હોય છે જ્યારે તે શૂટિંગ કરી રહ્યો હોય છે અને કેટલાક એવા દિવસો હોય છે જ્યારે હું શૂટ પર હોઉં છું. અમે હંમેશા સેટ પર સાથે નથી હોતા.'' આલિયાએ એમ પણ ઉમેર્યું કે તે રાહાને ક્યારેક ક્યારેક સેટ પર લાવે છે અને બાદમાં કેમેરા અને લાઈટ વચ્ચે તેની સાથે સમય વિતાવે છે.આલિયાએ રાહાના શીડ્યુલ વિશે વાત કરતાં કહ્યું, ''તે પોતે હવે વ્યસ્ત થઈ ગઈ છે. તેના ક્લાસ, રમવાની તારીખો, દાદી-નાના નાની અને પ્રવૃત્તિઓ સાથે ખૂબ જ વ્યસ્ત રહે છે. એક અર્થમાં, એવું લાગે કે તેને રાખવા જાણે એખ આખાં ગામની જરૂર પડે છે. હું મારા બધા પરિવારના સભ્યો અને આ સપોર્ટ સિસ્ટમ સાથે મને મળતી સુવિધાઓ માટે ખૂબ આભારી છું.'''લવ એન્ડ વૉર'ની વાત કરીએ તો, રણબીર અને આલિયા સાથે વિક્કી કૌશલ પણ લીડ રોલમાં છે, આ ફિલ્મ ૨૦ માર્ચ, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની શક્યતા છે.

**હું તમને પૈસા આપીશ**

**અભિનેતા આશિષ વિદ્યાર્થી હાલમાં અભિનયની દુનિયાથી દૂર છે અને યુટ્યુબ પર વ્લોગિંગ કરે છે**

# મિથુન સાથે ઘણી 'બી-ગ્રેડ' ફિલ્મો કરી એ સમય સૌથી પીડાદાયક : આશિષ વિદ્યાર્થી



અભિનેતા આશિષ વિદ્યાર્થી હાલમાં અભિનયની દુનિયાથી દૂર છે અને યુટ્યુબ પર વ્લોગિંગ કરે છે. તે ચાહકો સાથે જોડાયેલા રહે છે. તાજેતરમાં તેણે મિથુન ચક્રવર્તી વિશે વાત કરી છે. તેમણે કહ્યું હતું કે, 'મેં પૈસા માટે ઘણી ફિલ્મો કરી. મારા માતા-પિતા વૃદ્ધ હતા. જ્યારે હું મુંબઈ આવ્યો ત્યારે મેં તેમને સારી જીવનશૈલી આપવાનું નક્કી કર્યું હતું. હું એક ભાવનાત્મક અભિનેતા હતો. પરંતુ જવાબદારી પણ હતી, તેથી હું સારી ભૂમિકાઓની રાહ જોતો હતો. મેં પૈસા માટે ઘણી ફિલ્મો કરી છે. આશિષ વિદ્યાર્થીએ આગળ કહ્યું, 'તે ખરાબ સમય હતો, તે લોકો ઉટીમાં મિથુન સાથે ફિલ્મો બનાવતા હતા.જણાવી દઈએ કે જ્યારે મિથુન ચક્રવર્તીની કારકિર્દી ફ્લોપ થવા લાગી, ત્યારે તેણે ઉટીમાં ઓછા બજેટની એક્શન ફિલ્મો કરી. તેની સંખ્યા ૧૦૦ થી વધુ છે. પછી મીડિયાએ કહ્યું કે તે 'બી-ગ્રેડ' ફિલ્મો કરી રહ્યો છે. લોકો તેની ફિલ્મોને નીચું જોતા હતા, હું તેમાંથી ઘણી ફિલ્મોમાં હતો. તે મારા માટે ખૂબ જ પીડાદાયક સમય હતો. મને ખબર હતી કે હું તે ભૂમિકાઓ ફક્ત એટલા માટે લઈ રહ્યો છું કારણ કે મારે મારું ઘર ચલાવવું હતું. મને ખબર હતી કે હું તે સેટ પર મારી જાતને આ રીતે જોવા માંગતો નથી. લોકો મારાથી નિરાશ થતા હતા અને કહેતા હતા કે તમે આનાથી સારું કરી શકો છો. હું પણ સંમત થતો હતો પણ તે ફિલ્મોમાં કામ કરતો રહ્યો.'આશિષ વિદ્યાર્થીએ તે દિવસો યાદ કર્યા, 'હું ભાડાના ઘરમાં રહેતો હતો. મારે મારા માતા-પિતાની સંભાળ રાખવી પડતી હતી. જીવનના તે તબક્કે, મેં વિચાર્યું કે બોસ, હવે મારે કંઈક પગલું ભરવું જોઈએ. પરિસ્થિતિ એવી હતી કે હું કોઈને ના કહી શકતો ન હતો. તે સમયે હું દક્ષિણ ઉદ્યોગમાં ગયો. ત્યાં જવાનું અભિનેતા માટે સારું રહ્યું નહીં. તે બે મહિનાથી વધુ સમય સુધી કામ વગર રહ્યો. પછી તેને ફિલ્મ નિર્માતા ટી રામા રાવનો ફોન આવ્યો. 'હું વિમાનમાં દક્ષિણ ગયો. ઘણા લોકો સાથે વાત કરી. પણ બે મહિના સુધી કામ ન મળ્યું. પછી મને ટી રામા રાવનો ફોન આવ્યો. હું તેમને મળ્યો અને તેમણે કહ્યું કે અમે તમને કાસ્ટ કરવા માંગીએ છીએ. મારા દિગ્દર્શક તમને લેવા માંગે છે. તમારે ફિલ્મ કરવી પડશે. હું તમને પૈસા આપીશ.' જ્યારે મેં સંમતિ આપી, ત્યારે તેણે કહ્યું કે તે મજાક કરી રહ્યો હતો.

રામસાગર તળાવ, ભોજા તળાવ તેમજ માંડલેશ્વર ખાતે ગણપતિ બાપાને વિસર્જન કરાયા

# ઝાલોદ નગરમા ઢોલ નગારા તેમજ અગલે બરસ તુ જલ્દી આના કોલ સાથે ગણપતિ બાપાને ભાવભરી વિદાય આપી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



## ઝાલોદ નગર ગણપતિ બાપા મોરિયાના જય જયકાર સાથે ગુંજી ઉઠયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૦૬ ।

ઝાલોદ નગરમાં દસ દિવસનું આતિથ્ય ભોગવી અનંત ચૌદશના દિવસે તારીખ ૦૬-૦૯-૨૦૨૫ શનિવારના રોજ ગણપતિ બાપાને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. ધાર્મિક માન્યતાઓ મુજબ ગણેશ ચતુર્થી પર સ્થાપન કરવામાં આવેલ ગણેશજીની પ્રતિમાને ૧૦ દિવસ સુધી સતત સેવા, પૂજા, ભક્તિ કરી અનંત ચૌદસના દિવસે પાણીના પ્રવાહમાં વિસર્જન કરવામાં આવે છે. સતત ૧૦ દિવસનનો ગણેશજીનો પ ાવન ઉત્સવ નગરજનો સતત સેવા પૂજા અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવેલ હતો. નગરના અલગ અલગ પંડાલો તેમજ ઘર ઘરમાં ગણપતિની સ્થાપના કરવામાં આવેલ હતી. નગરમા એક લવ્ય યુવક મંડળ દ્વારા સિંદૂર ઓપરેશન થકી સુંદર ઝાંખી બનાવી હતી આ ઝાંખી થકી ભક્તિ અને શક્તિનો સંગમ નગરમાં જોવા મળતો હતો. એક લવ્ય યુવક મંડળ દ્વારા છેલ્લા દિવસે છપ્પન ભોગ તેમજ નગરના અલગ અલગ ગણેશ પ ંડાલોમા નગરના અધિકાર વર્ગ, રાજકીય વર્ગ તેમજ સામાજિક કાર્યકર્તાઓના ઘસારો ગણપતિજીના આશીર્વાદ તેમજ પૂજા કરવા માટે આવેલ હતો . ગણપ તિ વિસર્જન કરવાના દિવસે દરેક પરિવારો જ્યાં બાપ ાનુ સ્થાપન કરેલ હોય તેમજ પંડાલોમા પૂજા અર્ચના કરી ભગવાનના રથને સજાવી વાજતે ગાજતે વિદાય આપવા માટે નગરજનો ઉત્સાહિત જોવા મળતા હતા. અમુક પ રિવારો દ્વારા માટીના ગણપતિ લાવતા તેઓએ ઘરમાં જ ગણપતિજી નું વિસર્જન કર્યું હતું અને વિસર્જન કરેલ પવિત્ર જળ ફૂલ છોડના કુંડાઓમા અર્પણ કરવામાં આવેલ હતું. ગણપતિ વિસર્જન નગરમાં રામસાગર તળાવ, ભોજા તળાવ તેમજ માંડલેશ્વર ખાતે ભાવિક ભક્તો દ્વારા કરવામાં આવેલ હતું. ભાવિક ભક્તો સવારથી જ કાર ,મોટર સાયકલ ,ચાલતા, હાથલારી તેમજ ડી.જે અને ઢોલ નગારા સાથે ગણપતિ બાપ ાને બેસાડી વિસર્જન કરવા પહોંચ્યા હતા. નગરમા ગણેશજીના વિસર્જન ટાણે નીકળેલ શોભાયાત્રામા નાશિક ઢોલ, બરોડા થી આવેલ ડી.જે તેમજ ગણપતિ આયોજકોના ગણવેશે અનેરું આકર્ષણ જમાવ્યું હતું. નગરમાં વિસર્જન ટાણે નીકળેલ શોભાયાત્રામા ભાવિક ભક્તો નાચતા ઝુમતા તેમજ રાસ ગરબા કરતા જોવા મળતા હતા. નગરના રાજમાર્ગો ગણપતિ બાપાના જય જયકાર સાથે ગુંજી ઉઠેલ હતું. ભાવિક ભક્તોનો શોભાયાત્રામાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. ગણપ તિ બાપાના દસ દિવસનાં આતીથ્ય બાદ ગણપતિ બાપ ાના વિસર્જન ટાણે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. બાપાને અગલે બરસ તુ જલ્દી આ ના કોલ સાથે ગણપતિ બાપ ાને ભાવભરી વિદાય ભાવિક ભક્તો દ્વારા આપવામાં આવી હતી. વરસતા વરસાદમાં પણ ભાવિક ભક્તોનો ઉત્સાહ જરા પણ ઓછો જોવા મળતો ન હતો. વરસતા વરસાદમાં પણ ભાવિક ભક્તો નાચતા ઝૂમતા જોવા મળતા હતા. ઝાલોદ પોલિસ વિસર્જનના દિવસે તળાવ તેમજ નગરના દરેક માર્ગો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત મુકેલ હતો તેમજ દિવસભર નગરમાં વાહન સાથે સતત પેટ્રોલીંગ કરી નગરમાં કોઈ તંગદિલી ન સર્જાય તે માટે સતત નજર રાખી રહેલ હતી. ઝાલોદ પોલીસ ડ્રોન કેમેરા, બોડી કેમેરા,ધાબા પોઈન્ટ, સાદા ડ્રેસમાં છુપા પોલિસ મિત્રો, શુટિંગ કેમેરા સાથે સતત દરેક વિસ્તારનું મોનીટરીંગ કરી રહેલ હતી. ઝાલોદ પોલીસ દ્વારા ડિવિઝનના ડી.વાય.એસ.પી ડી.આર.પ ટેલના સીધા માર્ગદર્શન હેઠળ ,પી.આઈ રવિ ગામીત પ ોલિસ સ્ટાફ સાથે રાખી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સતત પેટ્રોલીંગ કરેલ હતું.

નગરપાલિકા દ્વારા તળાવમાં ગણપતિ બાપ ાનુ વિસર્જન કરે ત્યાં પૂજાપો તેમજ ફૂલમાળા અલગ લેવાની સુંદર વ્યવસ્થા કરેલ હતી જેથી તળાવો ગંદા ન થાય. નગરમાં બિરાજમાન મોટા ગણેશજીની પ્રતિમાના વિસર્જન માટે પાલિકા દ્વારા હિટાચી મશીન તેમજ નાના ગણપતિના વિસર્જન માટે તરવૈયાની ટીમ સાથે તરાપ ાની સુંદર વ્યવસ્થા કરેલ હતી તેમજ રામસાગર તળાવ કિનારે લાઈટીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી. નગરપાલિકા દ્વારા વરસાદ વચ્ચે સતત માઈક પર સૂચનાઓ આપી જાહેર જનતાને ગણપતિ વિસર્જન માટે જરૂરી સુચનો આપી રહેલ હતી. જી.ઈ.બીના કર્મચારીઓ દ્વારા પણ ગણેશજીના રથ સાથે ચાલી રસ્તામાં કોઈ અડચણ ન પડે તેની પૂરતી તકેદારી રાખવામાં આવી હતી.

## ખેડા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ– સાવચેતી રાખો, સુરક્ષિત રહો

। (માહિતી) નડિયાદ, તા.૬ ।

હવામાન વિભાગ દ્વારા ખેડા જિલ્લામાં આજે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લામાં ભારે વરસાદની શક્યતા દર્શાવતાં, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને ખાસ સાવચેત રહેવા અપીલ કરવામાં આવે છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં તમામ નાગરિકોએ નીચે મુજબની તકેદારીઓ રાખવી જરૂરી છે. ૧. સુરક્ષિત સ્થળે રહો અને શક્ય હોય ત્યાં સુધી ઘર છોડવાનું ટાળો. ૨. અનાવશ્યક બહાર જવાનું ટાળવું. ૩. વીજળીના તાર, નદી–નાળા તથા પાણી ભરાયેલા વિસ્તારોમાં ન જવું. ૪. હાલમાં ચાલી રહેલા ગણપતિ વિસર્જન કાર્યક્રમોમાં નાગરિકોએ પાણીમાં ઉતરવાનું ટાળવુ તથા પ્રશાસન દ્વારા નક્કી કરાયેલ વ્યવસ્થાનો પાલન કરવો. ૫. કોઈપણ પ્રકારની આકસ્મિક પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક નિકટવર્તી તંત્ર/કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવો ૬. નિર્ધારિત સમયમાં ગણેશ વિસર્જન પૂર્ણ કરી જિલ્લા વહીવટી તંત્રને સહકાર આપીએ. જિલ્લા પ્રશાસન દ્વારા તમામ તંત્રોને સજ્જ રાખવામાં આવ્યા છે.

## દેવગઢ બારીયા શહેરમાં ઈદ-એ-મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે ઝૂલુસ કાઢવામાં આવ્યું



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૦૬ ।

ઈદ-એ-મિલાદુન્ન નબીનો દિવસ ઈસ્લામની દુનિયામાં ખૂબ જ આદર સાથે ઉજવવામાં આવે છે. ઈદ-એ-મિલાદુન્ન નબીનો દિવસેએવું માનવામાં આવે છે કે, આ દિવસે ઈસ્લામના છેલ્લા પયગંબર હઝરત મોહમદ સાહબનો જન્મ થયો હતો. મુસ્લિમ બિરાદરો આજના દિવસે ઝૂલુસ કાઢીને તહેવારની ઉજવણી કરે છે અને ઈદ-એ-મિલાદના દિવસે ઈસ્લામના અનુયાયીઓ મસ્જિદોમાં નમાઝ અદા કરે છે. હઝરત મોહમ્મદ સાહબના શિક્ષા અને ઉપદેશોને અમલમાં મૂકવાનો સંકલ્પ લે છે. દેવગઢ બારીયા શહેરમાં નીકળેલા ઝૂલુસમાં મુસ્લિમ બિરાદરો મરહબા મરહબાના નારા લગાવી ઝૂમતા જોવા મળ્યા હતા. આ ઝૂલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. સાથે મદરેસામાં પઢતા બાળકો પણ ઝંડા લઈને આ ઝૂલુસમાં જોડાયા હતા, મુસ્લિમ બિરાદરો પયગંબરની નાત પઢતા પઢતા શહેરના અલગ અલગ વિસ્તારો જુલૂસ સાથે નીકળ્યા આ જુલુસમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઠેર ઠેર ન્યાઝનુ આયોજન કરવામાં આવ્યું હતુ. ઈદે મિલાદનુ જુલુસ શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થયુ હતુ

## મેદસ્વીતા મુકત ગુજરાત અભિયાન-૨૦૨૫, કુદરતી આહાર તંદુરસ્તીનો ખજાનો અને મેદસ્વીતાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે

। (માહિતી) નડિયાદ, તા.૬ ।

આધુનિક જીવનશૈલીમાં મેદસ્વીતા એક ગંભીર સમસ્યા બનીને ઉભરી રહી છે. મેદસ્વીતા માત્ર સૌંદર્યલક્ષી સમસ્યા નથી, પરંતુ હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા અનેક ગંભીર રોગોનું મૂળ કારણ પણ છે. કુદરતી આહાર અપનાવવો એ મેદસ્વીતાને દૂર કરવાનો અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવાનો સૌથી સરળ અને સલામત ઉપાય છે. મેદસ્વીતા એટલે શરીરમાં જરૂર કરતાં વધારે ચરબી જમા થવી, જેનાથી વજન ખૂબ વધી જાય છે. જેનું મુખ્ય કારણ ખોટી ખાણી-પીણીની આદતો અને બેઠાડુ જીવન છે. આ ઉપરાંત, આનુવંશિક કારણો, હોર્મોનલ સમસ્યાઓ, અને માનસિક તણાવ પણ મેદસ્વીતા માટે જવાબદાર છે. મેદસ્વીતાને કારણે શરીરના સાંધાઓ પર દબાણ આવે છે, જે ઘૂંટણ અને કમરના દુખાવાનું પણ કારણ બને છે. કુદરતી આહાર તંદુરસ્તીનો ખજાનો અને મેદસ્વીતાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. કુદરતી આહાર એટલે એવો ખોરાક જે પ્રકૃતિમાંથી સીધો પ્રાપ્ત થાય છે અને જેમાં કૃત્રિમ તત્ત્વો અથવા પ્રિઝર્વેટિવ્સ ન હોય. આહારમાં તાજા ફળો, શાકભાજી, અંકુરિત દાળ, આખા અનાજ, કઠોળ, સૂકા મેવા, અને કુદરતી પ ીણાંનો સમાવેશ થાય છે. આ પ્રકારનો ખોરાક માત્ર વજન ઘટાડવામાં જ નહીં, પરંતુ શરીરને સ્વસ્થ અને શક્તિશાળી બનાવવામાં પણ મદદ કરે છે. કુદરતી ફળો અને શાકભાજીમાં કેલરી ઓછી હોય છે, પરંતુ વિટામિન, મિનરલ્સ અને ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોય છે. આનાથી શરીરને જરૂરી પોષણ મળે છે અને વધારાની ચરબી જમા થતી નથી.ફળો અને શાકભાજી શરીરમાંથી ઝેરી પદાર્થો બહાર કાઢવામાં મદદ કરે છે, જેનાથી ચરબી ઓછી થાય છે અને તાજગીનો અનુભવ થાય છે. લીલા શાકભાજીમાં પાલક, મેથી, અને ચોળાઈ જેવા શાકભાજી આયર્ન અને ફાઈબરથી સમૃદ્ધ હોય છે.પાણીવાળા શાકભાજીમાં દૂધી, કાકડી અને ટામેટાં શરીરમાં હાઈડ્રેશન જાળવી રાખવામાં અને ચરબી ઘટાડવામાં મદદ કરે છે.

## કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને જળ અને જાહેર સ્વચ્છતા એકમની બેઠક યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૬ ।

કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા એકમની બેઠક કલેકટર કચેરી ,નડિયાદ ખાતે યોજાઈ હતી. જેમાં ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સહાયિત રિજનલ વોટર સપ્લાય સ્કીમ હેઠળના મીની પાણી પુરવઠા યોજના અને હયાત બોર સિંગલ ફેઝ મશીનરી અને એમડીઆર બોર સિંગલ ફેઝ મશીનરી બેસાડી આપ વાના રૂ. ૧.૪૧ કરોડના પાણી પુરવઠા બોર્ડના વિવિધ ૩૩ પ્રોજેક્ટ ૩૩ નાકામો મંજુર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં સવશ્રી વાસ્મો યુનિટ ખેડા મેનેજરશ્રી આઈ જી પટેલ, જિલ્લા શિક્ષણઅધિકારીશ્રી વાઘેલા, કાર્યપાલક ઈજનેસરી ગુજરાત પાણી પુરવઠા બોર્ડ નડિયાદ, નાયબ કાર્યપાલક ઈજનેરી જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ માતર નડિયાદ કપડવંજ, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ નડિયાદ સેવાલિયા પ્રતિનિધિ અને હાઈડ્રોલોજીસ્ટ શ્રી જાહેર આરોગ્ય વર્તુળ નડિયાદ નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પ્રતિનિધિ સહિત સભ્યો હાજર રહ્યા હતા.

ગુજરાતમાં બે દિવસ દરમિયાન અત્યંત ભારે વરસાદની ભારતીય હવામાન વિભાગની આગાહી

# રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં રેડ અલર્ટ જાહેર




। (માહિતી) નડિયાદ, તા.૬ ।

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. ૬ અને ૭ સપ્ટેમ્બર,૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરીને અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ તેમજ રાહત કમિશનર શ્રી અલોકકુમાર પાંડે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠ-કમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા વિવિધ જિલ્લા કલેકટરશ્રીઓને મુખ્ય સચિવશ્રીએ આગાહીને ધ્યાને રાખીને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કરીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓની સમીક્ષા કરી હતી. ભારતીય હવામાન વિભાગના અધિકારીશ્રીએ બેઠકમાં જણાવ્યા મુજબ આજે તા. ૬ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લામાં રેડ એલર્ટ તથા પાટણ, ગાંધીનગર, ખેડા, મહીસાગર, મોરબી, રાજકોટ અને બોટાદ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંતઆવતીકાલતા.૭સપ્ટેમ્બરનારોજપણબનાસ કાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને કચ્છ જિલ્લામાં રેડ એલર્ટ તથા પાટણ, ગાંધીનગર, મોરબી, સુરેન્દ્રનગર અને અરવલ્લી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહીને આધારે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને જરૂરી તમામ આગોતરી તૈયારીઓ કરવા મુખ્ય સચિવશ્રીએ સૂચના આપી હતી. મુખ્ય સચિવશ્રીએ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલા ડેમના જળસ્તર અને તેમાં વરસાદી પાણીની આવક અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ત્યારબાદ જરૂર જણાયે ડેમ માંથી પાણી છોડવા અને નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ગામોને અગાઉથી જ એલર્ટ કરવા જણાવ્યું હતું. મુખ્ય સચિવશ્રીએ પ્રવર્તમાન વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના તમામ અધિકારી-કર્મચારીઓને હેડક વાર્ટર ખાતે ફરજ પર હાજર રાખવા પણ સૂચના આપી હતી. સાથે જ, રાજ્યના વિવિધ સ્થળો ખાતે ડીપ્લોય કરાયેલી NDRF અને SDRF ટીમોની માહિતી મેળવીને રેડ એલર્ટવાળા જિલ્લાઓમાં જરૂર જણાયે વધુ ટીમ ડીપ્લોય કરવા તેમણે સૂચના આપી હતી. વધુમાં, આવતીકાલે યોજાનાર GPSCની પરીક્ષાને ધ્યાને રાખીને પરીક્ષા કેન્દ્રો ખાતે પણ તકેદારી રાખવા જિલ્લા કલેકટરશ્રીઓને સૂચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યમાં વિવિધ સ્થળોએ આજે યોજાનાર ગણેશ વિસર્જનમાં મોટી સંખ્યામાં નાગરીકો ભેગા થવાની સંભાવના છે. જેને ગંભીરતાપૂર્વક ધ્યાને લઇ વિસર્જનના સ્થળોએ ભારે વરસાદથી કોઈ અકસ્માત કે હોનારત ન થાય તે અંગે ખાસ તકેદારી રાખવા તેમજ નાગરિકોને જળાશયોથી દૂર રાખીને વિધિવત રીતે ગણેશ વિસર્જન થઇ શકે તે પ્રકારની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા મુખ્ય સચિવશ્રીએ તમામ જિલ્લા કલેકટરશ્રીઓને જણાવ્યું હતું.

## દાહોદમાં ભારતમાલા પ્રોજેક્ટનું કામ પૂર ઝડપે ચાલી રહ્યું છે તે વચ્ચે વરસાદ વિઘ્ન બન્યો હતો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૦૬ ।

દાહોદ જિલ્લા માં ભારતમાલા પ્રોજેક્ટ માં ૮ લેન નું કામ જોરશોર થી ચાલી રહ્યું છે મધ્યપ્રદેશ થી ગુજરાત ને જોડતા ૮ લેન એક્સપ્રેસ વે નું કામ ખૂબ જોરશોર થી ચાલી રહ્યું છે તે વચ્ચે વરસાદ વિઘ્ન બનતા પ્રોજેક્ટ માં ઠેકેદારો ને ભારી નુકસાન નો સામનો કરવો પડ્યો હતો ગત ૨ દિવસ થી પડેલા વરસાદ માં દાહોદ થી હથિયાવન ગામે કામ ચાલી રહ્યું હતું ત્યાં અચાનક વરસાદ વિઘ્ન બનતા પ્રોજેક્ટ માં કામ કરતા ઠેકેદારો ના સામાન માં ભારે નુકસાન પહોંચ્યું હતું શટરિંગ પ્લેટ , સ્ટીલ હ્રટ સીટ, લેબર હુટમેન્ટ જેવી અનેક વસ્તુ માં નુકસાન પહોંચ્યું હતું અને ઈલેક્ટ્રિક ઉપકરોણ માં પણ નુકસાન થયું હતું જેમ કે સ્ટીલ કટિંગ મશીન અને વાઈનડિંગ મશીનને પણ નુકસાન પહોંચ્યું હતું જેના પગલે કોન્ટ્રાક્ટ પર કામ કરતા ઠેકેદારો ને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે પરંતુ ઠેકેદારો દ્વારા ફરી યુદ્ધ સ્તરે કામ શરૂ કરી દેવામાં આવ્યું

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. વેપારી લોકો આજે અનુભવી લોકો જોડે વેપાર આગળ વધારવા માટે સલાહ લયી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. કેટલાક મહત્વના મુદ્દા સાથે કામ પાડવાની તમારી રીત કેટલાક સહ-કર્મચારીઓને નહીં ગમે-પણ તેઓ કદાચ આ વિશે બધું જ નહીં કહે- તમને જો એવું લાગે કે પરિણામો યોગ્ય અથવા તમે ઈચ્છો છો એવા નથી.

**કર્ક (ડ,હ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશેઅનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય.

**સિંહ (મ,ટ) :**
આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિશ કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**તુલા (ર,ત) :**
આજે તમે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. નવા વિચારો ઉત્પાદક હશે. ઘર ના કામકાજ પૂર્ણ કર્યા પછી, આ રાશિ ની ગૃહિણીઓ આજે મફત સમય માં ટીવી અથવા મોબાઈલ પર મૂવી જોઈ શકે છે. તમારા જીવનસાથીના વતર્તન વિશે તમને અજુગતું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર (ખ,જ) :**
આજે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### દિગ્ગજ ફેશન ડિઝાઇનર જ્યોર્જિયો અરમાનીનું ૯૧ વર્ષની વયે અવસાન

। (એજન્સી) રોમ, તા.૬ ।

દિગ્ગજ ઈટાલિયન ફેશન ડિઝાઈનર અને અરમાની બ્રાન્ડના અબજોપતિ માલિક જ્યોર્જિયો અરમાનીનું ૯૧ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ ઈટાલિયન ફેશન શૈલીના પ્રતિક હતા અને હજી પણ માનવામાં આવે છે. મિલાનના રેડી-ટુ-વેર ફેશનના દિગ્ગજ જ્યોર્જિયો અરમાની પોતાના અનસ્ટ્રક્ચર્ડ લુકથી ફેશનમાં ક્રાંતિ લાવ્યા હતા.જ્યોર્જિયો અરમાનીના અવસાનની તેમના ફેશન હાઉસે જ પુષ્ટિ કરી હતી. ફેશન હાઉસે જણાવ્યું હતું કે અરમાનીનું ઘરે અવસાન થયું છે. ફેશન ડિઝાઈનર જૂનમાં તેમના રનવે શોમાં હાજરી આપી શક્યા ન હતા. આ દરમિયાન તેઓ એક અજ્ઞાત બીમારીમાંથી સ્વસ્થ થઈ રહ્યા હતા.અરમાની આ મહિને મિલાન ફેશન વીક દરમિયાન જ્યોર્જિયો અરમાની ફેશન હાઉસના ૫૦ વર્ષની ઉજવણી માટે એક મોટા કાર્યક્રમનું આયોજન કરી રહ્યા હતા. ફેશન કંપની તરીકે શરૂ થયેલી અરમાની સંગીત, રમતગમત અને લક્ઝરી હોટલોમાં પણ વિસ્તરી છે.અરમાની એક પ્રતિષ્ઠિત ઉદ્યોગપ તિ પણ હતા. તેમની કંપનીનું ટર્નઓવર દર વર્ષે ળર બિલિયનથી પણ વધારે હતું. અરમાની બ્રાન્ડના ઠ હેન્ડલ મુજબ જ્યોર્જિયો અરમાનીએ ૫૦ વર્ષ પ હેલાં ૨૪ જુલાઈ ૧૯૭૫ના રોજ મિલાનમાં પોતાની કંપનીની સ્થાપના કરી હતી.

### આઈસીસી મહિલા વિશ્વકપ ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

આઈસીસી મહિલા વિશ્વકપ ૨૦૨૫ માટે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પોતાની ટીમ જાહેર કરી દીધી છે. મિચેલ સ્ટાર્કની પત્ની એલિસા હેલીને કેપ્ટન બનાવવામાં આવી છે. ઓસ્ટ્રેલિયા ૧ ઓક્ટોબરે ન્યૂઝીલેન્ડ સામે રમી પોતાના અભિયાનની શરૂઆત કરશે. ઓસ્ટ્રેલિયા આ ટૂર્નામેન્ટમાં ટાઈટલ ડિફેન્ડ કરવા ઉતરશે. ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમ મજબૂત જોવા મળી રહી છે. તેના ઘણા પ્લેયર્સ મહિલા પ્રીમિયર લીગમાં ભારતમાં રમે છે, તેનો ફાયદો વિશ્વકપ માં થઈ શકે છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના પસંદગીકાર શોન ફેગલરે સ્વીકાર્યું કે ભારતમાં રમવું એક મોટો પડકાર હશે પરંતુ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની ટીમ આ ચેલેન્જ પૂરી કરશે. તેમણે કહ્યું- ટીમમાં સામેલ કેટલાક ખેલાડીઓ છેલ્લા કેટલાક સમયથી મહિલા પ્રીમિયર લીગમાં રમે છે, જેનો અનુભવ કામ લાગશે.

ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમે ૨૦૨૨ વિશ્વકપનું ટાઈટલ જીત્યું હતું. આ પહેલા ટીમ છ વખત ટ્રોફી જીતી ચૂકી છે. એટલે કે ૨૦૨૫માં તે આઠમી વખત ટાઈટલ જીતવાના ઈરાદાથી ઉતરશે. જે ટીમે ૨૦૨૨મા ટ્રોફી જીતી હતી, જેના ૧૦ ખેલાડીઓને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. તેમાં એલિસા હેલી, બેથ મૂની, એલિસ પેરી જેવા મેચ વિનર સામેલ છે. આઈસીસી વિશ્વકપ ૨૦૨૫ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ : એલિસા હેલી (કેપ્ટન), ડાર્સી બ્રાઉન, એશ ગાર્ડનર, કિમ ગાર્થ, ગ્રેસ હેરિસ, અલાના કિંગ, સોફી મોલિનક્સ, બેથ મૂની, એલિસ પેરી, ફીબી લિચફીલ્ડ, તાહલિયા મેક્ગ્રા, જોર્જિયા વોલ, જોર્જિયા વેરહમ, મેગન શટ્ટ, એનાબલ સધરલેન્ડ ઓસ્ટ્રેલિયા ટીમ શેડ્યૂલ

૧ ઓક્ટોબર- વિરુદ્ધ ન્યુઝીલેન્ડ (ઈન્દોર)
૪ ઓક્ટોબર- વિરુદ્ધ શ્રીલંકા (કોલંબો)
૮ ઓક્ટોબર- વિરુદ્ધ પાકિસ્તાન (કોલંબો)
૧૨ ઓક્ટોબર- વિરુદ્ધ ભારત (વિશાખાપટ્ટનમ)
૧૬ ઓક્ટોબર- વિરુદ્ધ બાંગ્લાદેશ (વિશાખાપટ્ટનમ)

#### હજી બાકી છે ચોમાસાનું રૌદ્ર સ્વરૂપ

# ગુજરાત, સૌરાષ્ટ્ર, ગોવા અને મહારાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના

### ચોમાસાનો પ્રવાહ તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણ તરફ છે, છત્તીસગઢ-મધ્યપ્રદેશ પર નીચા દબાણનો વિસ્તાર રહેલો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

મુશળધાર વરસાદથી ઉત્તરીય રાજ્યો પણ પ્રભાવિત થયા છે. ચોમાસાની શરૂઆતથી જ હિમાચલ પ્રદેશ કુદરતી આફતની ઝપેટમાં છે અને યમુના નદીના જળસ્તરમાં વધારો થવાને કારણે દિલ્હી પણ પ્રભાવિત થયું છે. જમ્મુ અને કાશ્મીર, પંજાબ, હરિયાણા, દિલ્હી અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં ભારે વરસાદ પડ્યો છે. પૂર જેવી પરિસ્થિતિને કારણે શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવામાં આવી છે. સામાન્ય જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે અને ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે.

હિમાચલમાં કુલ ૧,૨૯૨ રસ્તાઓ બંધ છે, જેમાંથી મંડીમાં ૨૯૪, કુલ્લુમાં ૨૨૬, શિમલામાં ૨૧૬, ચંબામાં ૨૦૪ અને સિરમૌર જિલ્લામાં ૯૧ રસ્તાઓ છે. સ્થાનિક હવામાન કેન્દ્રે શુક્રવાર અને શનિવારે રાજ્યમાં કેટલાક સ્થળોએ ગાજવીજ અને વીજળી સાથે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોમાં અત્યાર સુધીમાં ૩૪૩ લોકોનાં મોત થયા છે અને ૪૩ લોકો ગુમ થયા છે.

દેશના વિવિધ ભાગોમાં ચોમાસાની પ્રવૃત્તિને કારણે આગામી કેટલાક દિવસો સુધી ભારે વરસાદની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ચોમાસાનો પ્રવાહ તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણ તરફ છે. છત્તીસગઢ અને મધ્યપ્રદેશ પર નીચા દબાણનો વિસ્તાર રહેલો છે.

૮ સપ્ટેમ્બર સુધી પશ્ચિમ ભારતમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, ગોવા અને મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. ઉત્તરાખંડ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં ૧૦ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ અને વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને આંદામાન અને નિકોબારમાં ૧૦ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ વિસ્તારોમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદ પણ વ્યાપક પ્રમાણમાં થવાની સંભાવના છે. ગુરુવારે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો. વધુ વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવી છે. પૂર્વ, દક્ષિણ, મધ્ય, નવી દિલ્હી, ઉત્તર, દક્ષિણ-પશ્ચિમ અને પશ્ચિમ દિલ્હીમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હોવાથી IMD એ લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે.

### પૂર્વ ક્રિકેટર શિખર ધવનની ઈડી દ્વારા પૂછપરછ કરાઈ, ઓનલાઈન બેટિંગ એપ મુદ્દે પૂછપરછ

#### ઈડીએ ક્રિકેટરને એપ સાથે કેવી રીતે જોડાયો તેની સ્પષ્ટતા પૂછી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઓનલાઈન બેટિંગ એપના કેસમાં પૂર્વ ક્રિકેટર શિખર ધવનની ઈડીએ પૂછપરછ કરી હતી. વનએક્સબેટ નામની બેટિંગ એપનો પ્રચાર કરવા બદલ ઈડીએ આ પૂર્વ ક્રિકેટરને મની લોન્ડરિંગની આશંકાથી સવાલો કર્યા હતા. શિખર ધવને સોશિયલ મીડિયામાં આ એપનો પ્રચાર કર્યો હતો. આ એપના પ્રમોશનમાં ક્રિકેટરની શું ભૂમિકા હતી એ જાણવા માટે ઈડીએ પૂર્વ ક્રિકેટરને દિલ્હી ઓફિસમાં બોલાવીને પૂછપરછ કરી હતી. ઈડીને ૧એક્સબેટ પર મની લોન્ડરિંગની શંકા છે. ગેરકાયદે કમાયેલા પૈસા છુપાવીને આ બેટિંગ એપે મની લોન્ડરિંગ એક્ટનો ભંગ કર્યો છે એવી આશંકાના આધારે એજન્સીએ તપાસ હાથ ધરી છે. એના ભાગરૂપે પૂર્વ ભારતીય ઓપનર શિખર ધવનને ઈડીનું તેડું આવ્યું હતું. શિખર ધવને દિલ્હી સ્થિત ઓફિસમાં હાજર રહીને એપના પ્રમોશનમાં પોતાની શું ભૂમિકા હતી એની સ્પષ્ટતા કરી હતી. ઈડીએ શિખર ધવનને પૂછ્યું હતું કે આ પ્રમોશનથી એને શું મળ્યું છે અને તેમાં એની શું ભૂમિકા હતી? અગાઉ બેટિંગ એપ્સના મુદ્દે પૂર્વ ક્રિકેટરો યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈનાની પૂછપરછ થઈ ચૂકી છે. ઈડીએ પૂછપરછ માટે બોલાવ્યા હોય એવો ધવન ચોથો ક્રિકેટર છે. ગેરકાયદે બેટિંગ એપના મુદ્દે અગાઉ કેટલાય ફિલ્મ સ્ટાર્સની પણ પૂછપરછ થઈ ચૂકી છે. દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી કે ઓનલાઈન ગેમિંગ એક્ટ-૨૦૨૫ને પડકારતી અરજીઓ હાઈકોર્ટમાંથી સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવે. સીજેઆઈ બી આર ગવઈ અને જસ્ટિસ વિનોદ ચંદ્રનની બેંચે કેન્દ્ર સરકારની દલીલ સાંભળી હતી અને તેની સુનાવણી કરવાની સંમતિ આપી હતી. હવે આવતા સપ્તાહે આ મુદ્દે સુનાવણી થશે. ઉલ્લેખનીય છે કે સરકારના નવા ઓનલાઈન ગેમિંગ એક્ટ-૨૦૨૫ને પ ડકારતી અરજીઓ દેશની ત્રણ જુદી જુદી હાઈકોર્ટોમાં થઈ છે. એક અરજી કર્ણાટક હાઈકોર્ટમાં થઈ છે. બીજી અરજી દિલ્હી હાઈકોર્ટમાં થઈ છે અને ત્રીજી અરજી મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં થઈ છે.

### ભારત અને ચીનને ધમકાવવાનું બંધ કરો રશિયાના પ્રમુખ પુતિને ટ્રમ્પને ચેતવ્યા

। (એજન્સી) બેઇજિંગ, તા.૬ ।

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ભારત અને ચીન પર ટેરિફ અંગે સુપર પાવર અમેરિકાની ટીકા કરી હતી. જીર્ઝ સમિટ બાદ ચીનની વિક્ટ્રી પરેડમાં સામેલ પુતિને ટ્રમ્પને ચેતવ્યા કે, ટ્રમ્પ આ રીતે ભારત કે ચીન સાથે વાત ના કરી શકે. તેમણે ભારત અને ચીનને ધમકાવવાનું બંધ કરવું જોઈએ. બંને દેશોને ટેરિફથી ડરાવી શકાય નહીં. જો તેઓ હાર માને તો તેમનું રાજકારણ સમાપ્ત થઈ જશે. અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. આનાથી ભારતના એક્સપોર્ટ પર અસર પડી છે અને અમેરિકા સાથેના સંબંધો પણ બગડ્યા છે.રશિયાના ભાગીદાર દેશો ભારત અને ચીન પર આર્થિક દબાણ વિશે પૂછવામાં આવતા રશિયન રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે, તમારી પાસે ભારત અને ચીન જેવા દેશો છે, જેમની વસ્તી લગભગ ૧.૫ અબજ છે. ભારત અને ચીનની આર્થિક વ્યવસ્થા શક્તિશાળી છે.

#### વિલંબને લીધે કોર્ટોએ આવા અપરાધીઓને જામીન આપવી પડે છે

### જઘન્ય ગુનાઓમાં ઝડપી ટ્રાયલ જરૂરી, ગુનેગારો સિસ્ટમ 'હાઈજેક' કરે છે : SC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

જઘન્ય ગુનાઓના કેસોના ઝડપી ટ્રાયલની જરૂરિયાત પર ભાર મૂકીને સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ઘણીવાર ખુંખાર ગુનેગારો સમગ્ર ન્યાયપ્રણાલીને હાઈજેક કરે છે અને ટ્રાયલ પૂર્ણ થવા દેતા નથી. તેના પ રિણામે કોર્ટને વિલંબના આધારે તેમને જામીન આપવાની ફરજ પડે છે. કેન્દ્ર સરકાર વિશેષ ફ્રેંછ કોર્ટ સ્થાપવા માટે રાજ્યો સાથે પરામર્શ કરી રહ્યું છે અને ટૂંકસમયમાં નિર્ણય કરાશે તેવી એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભટ્ટીની રજૂઆત પછી ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની ખંડપીઠે આ ટિપ્પણી કરી હતી. ખંડપીઠે ભાટીને જણાવ્યું હતું કે જઘન્ય ગુનાઓમાં સમયસર ટ્રાયલ પૂર્ણ કરવી સમાજના હિતમાં છે અને ખુંખાર ગુનેગારો માટે ઝડપી ટ્રાયલ તેમને વધુ ગુના કરતાં રોકી શકે છે. આ તમારા માટે પ્રોત્સાહન આપ વાની તક છે. ક્યારેક આવા ગુનેગારો સમગ્ર ન્યાય વ્યવસ્થાને હાઈજેક કરે છે અને ટ્રાયલ પૂર્ણ થવા દેતા નથી, પરિણામે કોર્ટને વિલંબના આધારે તેમને જામીન આપવાની ફરજ પડે છે.એડિશનલ સોલિસિટર જનરલે જણાવ્યું હતું કે આવી અદાલતો સ્થાપવાની સત્તા રાજ્યો પાસે હોવાથી રાજ્યોને સહમત કરવાની જરૂર છે. ન્યાયાધીશ કાંતે કહ્યું હતું કે કેન્દ્રે ફક્ત જરૂરી બજેટ ફાળવણીની પ્રતિબદ્ધતા આપવાની જરૂર છે. હાઈકોર્ટની મંજૂરી અને રાજ્ય સરકારની ભૂમિકાના મુદ્દાને પછીથી ઉકેલી શકાય છે. સર્વોચ્ચ અદાલતે આ મામલાની સુનાવણી ૧૪ ઓક્ટોબર પર મુલતવી રાખી હતી. ૧૮ જુલાઈએ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારને ખાસ કાયદા હેઠળના કેસો માટે અદાલતો ન બનાવવા બદલ ફટકાર લગાવી હતી.

### GST માં રાહત બાદ હવે ટેરિફથી મળશે મુક્તિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારત અને અમેરિકાના સંબંધો અસમંજસની સ્થિતિમાં પહોંચી ગયા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે, જેની અસર પણ જોવા મળી છે. ટેરિફની સીધી અસર વેપાર પર પડી છે. હવે કેન્દ્ર સરકાર નિકાસકારોને રાહત આપવા માટે સ્પેશિયલ પેકેજ લાવી શકે છે. જીએસટી દરોમાં ઘટાડા બાદ હવે સરકાર તે નિકાસકારોને ગુડ ન્યૂઝ આપી શકે છે. ટેરિફને કારણે ભારતના ઘણા સેક્ટર પ્રભાવિત થયા છે. કપડા, ઘરેણા અને આભૂષણની સાથે-સાથે અન્ય સામાન પણ અમેરિકા જતો હતો, પરંતુ ટેરિફ બાદ નિકાસની ગતિ ઘટી છે. એક રિપોર્ટ પ્રમાણે સરકાર નાના અને મધ્યમ નિકાસકારોની મદદ માટે સ્પેશિયલ પેકેજ લાવવાની તૈયારીમાં ચે. તેનાથી લિક્વિડિટીની સમસ્યાને દૂર કરવાનો પ્રયાસ થશે.

## રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરો, ચીન પર પણ દબાણ કરો, યુરોપના દેશોને ટ્રમ્પની સલાહ

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૬ ।



રશિયા અને યુક્રેન યુદ્ધ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ બેઠક યુરોપમાં યોજાઈ હતી. આ બેઠકમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન નેતા સાથે વાત કરી કહ્યું કે, તેમણે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું બંધ કરવુ પડશે. જો યુક્રેન યુદ્ધનો અંત લાવવો હોય તો રશિયા પાસેથી ક્રૂડની ખરીદી તાત્કાલિક ધોરણે બંધ કરવી પડશે. ચીન પર પણ આર્થિક દબાણ કરવુ પ ડશે. એકબાજુ ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદી દીધો છે. બીજી બાજુ ટ્રમ્પ યુરોપના દેશોને રશિયા પાસેથી ક્રૂડ ન ખરીદવાની સલાહ આપી રહ્યા છે, હવે સવાલ ઉઠે છે કે, શું તેઓ યુરોપિયન નેતાઓ પર પણ ટેરિફ લાદશે. ઉલ્લેખનીય છે, ટ્રમ્પે આ સંદેશ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી અને યુરોપના વડાઓ સાથે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠકમાં આપ્યો હતો. આ બેઠક કોએલિશન ઓફ ધ વિલિંગ અર્થાત યુક્રેનમાં સુરક્ષા અને શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસોમાં સક્રિય જૂથ દ્વારા યોજાઈ હતી. આ બેઠક બાદ ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને એક મોટી જાહેરાત કરી કે જો યુદ્ધવિરામ થાય, તો ૨૬ દેશો શાંતિ સંરક્ષણ દળમાં સૈનિકો મોકલવા માટે તૈયાર છે. યુદ્ધવિરામ કરારના બીજા જ દિવસે ૨૬ પશ્ચિમી સાથી દેશો યુક્રેનમાં ત્રણેય મોરચે - જમીન, સમુદ્ર અને આકાશ પર તેમના સૈનિકો તૈનાત કરશે. જોકે, મેક્રોને સ્પષ્ટતા કરી હતી કે, યુરોપિયન સુરક્ષા ગેરંટી ત્યારે જ અસરકારક રહેશે જ્યારે અમેરિકા સેફ્ટી નેટ ની ભૂમિકા ભજવશે. આગામી દિવસોમાં, અમે યુક્રેનની સુરક્ષા ગેરંટી માટે અમેરિકન સહયોગને અંતિમ સ્વરૂપ આપીશું. ટ્રમ્પ અલાસ્કામાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળ્યાના લગભગ ત્રણ અઠવાડિયા પછી પણ શાંતિ મંત્રણામાં કોઈ નક્કર પરિણામ ન મળવાથી નારાજ છે.

### થરા શ્રી ઓગડ વિદ્યા મંદિર ખાતે શિક્ષક દિવસની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી



। (યશપાલસિંહ ટી વાઘેલા) થરા, તા.૬ ।

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, મહાન શિક્ષણશાસ્ત્રી તથા તત્વજ્ઞાની ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ નિમિત્તે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કાંકરેજ તાલુકાકેળવણી મંડળ સંચાલિત થરા શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા ખાતે શાળાના આચાર્ય અશોકભાઈ વાલાણીના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિવસની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવી, આ શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનોએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી. તેઓએ શિક્ષકની જેમ વિષય સમજાવ્યા, વર્ગ સંભાળ્યો અને શિક્ષકના કાર્યનો અનુભવો કર્યો.આ રીતે વિદ્યાર્થિનીઓએ શિક્ષણ વ્યવસાયની મહત્તા તથા જવાબદારીને અનુભવતા શિક્ષક પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી.

## "હલાલ લાઈફસ્ટાઈલ ટાઉનશિપ" મુસ્લિમો માટે બનશે સોસાયટી

### મહારાષ્ટ્રમાં એક એવી સોસાયટી બની રહી છે જે ફક્ત મુસ્લિમો માટે હશે ત્યાં કોઈ બીજા અન્ય ધર્મના લોકોને ઘર મળશે નહીં

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।



ભારત દુનિયાનો એક એવો દેશ છે જ્યાં બધા ધર્મના લોકો રહે છે. આ દેશમાં ધર્મના નામ પર કોઈ પણ રાજ્ય, શહેર, ગામ કે સોસાયટીને વહેંચવામાં આવી નથી. પરંતુ હવે દેશમાં એક એવી સોસાયટી બની રહી છે જે ફક્ત મુસ્લિમો માટે હશે. એટલે કે ત્યાં કોઈ બીજા અન્ય ધર્મના લોકોને ઘર મળશે નહીં. અત્રે જણાવવાનું કે તેને હલાલ લાઈફસ્ટાઈલવાળી ટાઉનશિપ કહેવામાં આવી રહી છે જે મુંબઈ આસપાસના વિસ્તારોમાં બનાવવામાં આવી રહી છે. આ મુસ્લિમ હાઉસિંગ સોસાઈટીઝ અંગે પણ એક મોટો વિવાદ પેદા થયો છે. આ મામલે ભાજપના વિધાયક અતુલ ભાતખલકરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને એક પત્ર લખ્યો છે અને તરત કાર્યવાહીની માંગણી કરી છે. આ સોસાયટીઓ અંગે સ્થાનિકોમાં પણ રોષ છે. સતત એક માંગણી થઈ રહી છે કે આ પ્રકારની જાહેરાતો પર રોક લાગે અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓ પર કાર્યવાહી થાય. વિધાયક અતુલ ભાતખલકરે પોતાના પત્રમાં લખ્યું કે સોશિયલ મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર કેટલાક સંગઠનો ખુલ્લેઆમ હાઉસિંગ સોસાયટીઓની જાહેરાતો ચલાવી રહ્યા છે જે ફક્ત મુસ્લિમ સમુદાયો માટે છે. તેમણે ખાસ કરીને મુંબઈ પાસે મીરા રોડ ઈસ્ટમાં 'હિલ ગેલેક્સી, 'વિનય નગર રોડ' નામની જગ્યાનો ઉલ્લેખ કર્યો છે. આ જાહેરાતમાં સ્પષ્ટ લખ્યું છે કે આ હાઉસિંગ કોમ્પ્લેક્સ ફક્ત મુસ્લિમ સમુદાય માટે છે અને તેમાં એક મસ્જિદ પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત નેરલ પાસે બની રહેલા સુકુન એમ્પાયર હાઉસિંગ પ્રોજેક્ટ પણ વિવાદમાં છે. જેનો પ્રમોશન વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં પ્રોજેક્ટને હલાલ લાઈફસ્ટાઈલ ટાઉનશિપ તરીકે રજૂ કરાયો છે જે ખાસ મુસ્લિમો માટે છે. આ વીડિયોમાં દાવો કરાયો છે કે અહીં પરિવાર પોતાની ધાર્મિક લાઈફ સ્ટાઈલ સાથે કોઈ પણ પ્રકારના સમાધાન વગર રહી શકે છે અને બાળકો હલાલ માહોલમાં મોટા થશે. અતુલ ભાતખલકરનું કહેવું છે કે આ પ્રકારની જાહેરાત ભારતના બંધારણના મૂળ સિદ્ધાંતોનો ભંગ છે. તેમનું માનવું છે કે આ જાહેરાત સમાજમાં આપસી દુશ્મની, જૂથબાજી અને અશાંતિ વધારે છે. તેમણે તેને એક પ્રકારનો 'જમીન જેહાદ' પણ ગણાવ્યો. વિધાયકે કહ્યું કે જ્યારે કોઈ જાહેરાત ફક્ત એક ખાસ સમુદાય માટે હોય અને તેમાં ધાર્મિક સ્થળ બનાવવાની વાત કરાય તો તે આપણા સમાજના પરસ્પર ભાઈચારા માટે ખુબ નુકસાનકારક છે.

## કપડવંજ તથા કઠલાલ તાલુકા માટે દારૂખાનાના સંગ્રહ તથા વેચાણ માટે હંગામી પરવાના મેળવી લેવા

। (માહિતી) નડિયાદ, તા.૬ ।

ઓકટોમ્બર ૨૦૨૫માં આવતા દિવાળીના તહેવારો દરમ્યાન કપડવંજ તથા કઠલાલ તાલુકા માટે દારૂખાનાનું સંગ્રહ તથા વેચવા માટેના હંગામી પરવાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કપડવંજની કચેરી તાલુકા સેવા સદન કપડવંજ ખાતેથી આપવામાં આવશે. જે માટે ઈચ્છુક અરજદારોએ તા.૦૮/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથેની અરજીઓ ત્રણ નકલમાં સબંધિત મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. જિલ્લાના અરજદારોની સવલત ખાતર ફોર્મ એ.ઈ.-પની અરજીના નમૂના જે તે તાલુકાની મામલતદાર કચેરીમાં મોકલી આપ વામાં આવેલ છે. જેથી દૂરના અને ગ્રામ્ય વિસ્તારના અરજદારોએ તેમના તાલુકાની મામલતદાર કચેરીનો સંપર્ક સાધવો.

અરજી નિયત નમૂના ફોર્મ એ.ઈ.-૫ ની ઉપર રૂા.૩/-ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી તેની ત્રણ નકલમાં સબંધિત મામલતદારશ્રીની કચેરીએ તા.૦૮/૦૯/૨૦૨૫ થી તા.૦૩/૧૦/૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે. તેમજ અરજી સાથે (૧) ૦૦૭૦ O.A.S. સદરે રૂા.૭૦૦/-(રૂા.૨૦૦/- તપાસણીના તેમજ રૂા.૫૦૦/દારૂખાનું રાખવાનો પરવાનો અંગેની ફી) પરવાના ફી પેટે ચલણથી જમા કરાવી તેનુ અસલ ચલણ (૨) ધંધાના સુચિત સ્થળની ૧૫ મીટરની ત્રીજયામાં આવેલ અન્ય દુકાનોના ધંધાના પ્રકાર, શાળા, કોલેજો, હોસ્પિટલો, સળગી ઉઠે તેવા પદાર્થોનું ગોડાઉન,પેટ્રોલપંપ કે રક્ષિત ઈમારતો આવેલી હોય તો તેની સ્પષ્ટ વિગતો દર્શાવતો નકશો(શહેરી વિસ્તારમા નગરપાલિકા ધ્વારા પ્રમાણિત કરેલ તથા ગ્રામ્ય વિસ્તારમાં જે તે ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રી ધ્વારા પ્રમાણિત કરેલ) (૩)જગ્યાની માલિકી બાબતના પુરાવા, ભાડાની દુકાન હોય તો ભાડા કરાર(નોટરાઈઝડ અથવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂનો ભાડાકરાર)અને ભાડે દુકાન આપનાર માલીકનો રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર પર સંમતિ જવાબ (૪) ગ્રામ પંચાયતમાં (તલાટી કમ મંત્રી તથા સરપંચની સહી વાળુ)તથા નગરપ ાલિકામાં(ચીફ ઓફીસર તથા પ્રમુખની સહી વાળું) "ના વાંધા પ્રમાણપત્ર (એન. ઓ.સી)" (૫)ફાયર સેફટીની વ્યવસ્થા અંગેનું ફાયર ઓફીસરનું પ્રમાણપત્ર(૬) ધંધાના સ્થળ ૬"×૪" ની સાઈઝના ૩ ફોટોગ્રાફ વગેરે તમામ આધાર પુરાવા નિયત અરજી સાથે રજુ કરવાના રહેશે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**સિગ્નલિંગ ગિયર્સનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

ટેન્ડર નંબર ૨૬-૨૦૨૫

પશ્ચિમ રેલ્વે, ભાવનગરના ડિવિઝનલ રેલ્વે, મેનેજર (એસ એન્ડ ટી) નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

**કાર્યનું નામ:** ભાવનગર વિભાગ - પુરવઠો, સ્થાપન, પરીક્ષણઅને ખામીયુક્ત/વધુ વયના મિડલાઈફ સિગ્નલિંગ અને ટેલિકોમ ગિયર્સ અને સાધનોની સલામતી અને વિશ્વસનીયતા સુધારણા અને રિપ્લેસમેન્ટના સંદર્ભમાં સિગ્નલિંગ ગિયર્સનું કમિશનિંગ.

**અંદાજિત કિંમત:** ૨૦૫૭૯૮૮૨.૫૦/- (રૂ. બે કરોડ પાંચ લાખ ઓગણસિત્તેર હજાર આઠ સો બ્યાસી રૂપિયા અને પચાસ પૈસા માત્ર)

બોલી લગાવનારાઓએ ફક્ત **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૦૩/૧૦/૨૦૨૫ ૧૫.૦૦ કલાક સુધી.

BVP 126

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### આરોપીને દુબઈથી પરત લાવી ધરપકડ કરવામાં આવી

# ગુજરાતમાં ૨,૩૦૦ કરોડના ડબ્બા ટ્રેડિંગ કૌભાંડનો પર્દાફાશ

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

ગાંધીનગર: ગુજરાતમાં સટ્ટા બેટિંગ અને ડબ્બા ટ્રેડિંગ કૌભાંડનો પર્દાફાશ કરતી વિશેષ તપાસ ટીમ (SIT) ને મોટી સફળતા મળી છે. દુબઈ ભાગી ગયેલા મુખ્ય આરોપી હર્ષિત જૈનને આંતરરાષ્ટ્રીય પ્રત્યાર્પણ સંધિ હેઠળ પરત લાવીને ધરપકડ કરવામાં આવી છે.



આ કેસની વિગતવાર માહિતી IPS નિર્લિપ્ત રાય, SMC ના વડા દ્વારા આપવામાં આવી. નિર્લિપ્ત રાયે જણાવ્યું કે, ૧૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ હર્ષિત જૈનની ઓફિસમાં ગેમ્બલિંગ ચાલતું હોવાનું ખુલતા ફરિયાદ નોંધાઈ હતી. ત્યાર બાદ SITની તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી. અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા સાક્ષીઓના નિવેદનો લેવામાં આવ્યા છે, જ્યારે કુલ ૩૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ ગેરકાયદેસર ધંધો ચલાવવા માટે ખોટા ભાડા કરાર બનાવવામાં આવ્યા, તેમજ ખોટા દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદવામાં આવ્યા. આ સીમકાર્ડનો ઉપયોગ વોટ્સએપ મારફતે ડબ્બા ટ્રેડિંગ અને ગેમ્બલિંગ માટે કરવામાં આવતો હતો.

હર્ષિત જૈન પોતાના નેટવર્ક દ્વારા વિદેશમાંથી સમગ્ર રેકેટ ચલાવતો હતો. SITએ સમયસર કાર્યવાહી કરતાં તેની સામે લૂકઆઉટ નોટિસ અને રેડ કોર્નર નોટિસ જારી કરી, જેના આધારે તેને દુબઈમાંથી પરત લાવીને આજે કબજામાં લેવામાં આવ્યો છે. તપાસમાં અત્યાર સુધીમાં ૨૩૦૦ કરોડના વ્યવહારો થયાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત ૧૩૯ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે, જેથી ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર અટકાવી શકાય.

નિર્લિપ્ત રાયે જણાવ્યું કે હજુ પણ મુખ્ય આરોપી અમિત મજીઠીયા અને સૌરભ ચંદ્રાકર ફરાર છે, જેઓ સામે લૂકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. SIT તેમના પત્તા મેળવવા આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સંકલન કરી રહી છે. હર્ષિત જૈન દુબઈમાં કેવી રીતે પહોંચ્યો, ત્યાં કોના સંપર્કમાં રહ્યો અને કયા નેટવર્ક મારફતે સમગ્ર ટ્રેડિંગ સંચાલિત કરતો હતો તેની પણ હવે ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવશે. સાથે જ ક્રેડિટ કાર્ડ, બોગસ બેંક એકાઉન્ટ અને બોગસ પેઢીઓના વ્યવહાર અંગે SIT દ્વારા વધુ માહિતી મેળવીને તપાસ આગળ ધપાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલે નિર્લિપ્ત રાયે સ્પષ્ટ કર્યું કે, આ કેસ માત્ર સટ્ટા અથવા ડબ્બા ટ્રેડિંગ પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં વિશાળ નાણાકીય ટ્રાન્ઝેક્શન, ખોટા દસ્તાવેજો અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક સામેલ છે. આરોપી સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાશે અને જરૂરી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલે નિર્લિપ્ત રાયે સ્પષ્ટ કર્યું કે, આ કેસ માત્ર સટ્ટા અથવા ડબ્બા ટ્રેડિંગ પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં વિશાળ નાણાકીય ટ્રાન્ઝેક્શન, ખોટા દસ્તાવેજો અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક સામેલ છે. આરોપી સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાશે અને જરૂરી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### શિક્ષણની ખામી પૂરવાનો પ્રયાસ!

# ૨૭૦૦ શિક્ષકોની ઘટ ધરાવતા દાહોદ જિલ્લામાં બનાવાશે ૧૦૦ લાઈબ્રેરી

### દરેક ગામડે આધુનિક લાયબ્રેરી બનાવવા માટે જમીન માહિતી માંગવામાં આવી છે

। (એજન્સી) દાહોદ, તા.૬ ।

ગુજરાતમાં ૨૭૦૦ જેટલા શિક્ષકોની ઘટ ધરાવતાં દાહોદ જિલ્લામાં શિક્ષણને વધુ મજબૂત બનાવવા માટે જિલ્લા પંચાયત દ્વારા મહત્ત્વની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં જિલ્લા પંચાયત કચેરી દાહોદથી તમામ તાલુકા વિકાસ અધિકારીઓને એક પત્ર મોકલવામાં આવ્યો છે. જેમાં દરેક ગામડે આધુનિક લાયબ્રેરી બનાવવા માટે જમીન માહિતી માંગવામાં આવી છે.

આદિવાસી વસ્તી ધરાવતાં દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતમાં લાયબ્રેરી સ્થાપિત કરવા માટે ૨૦૦ ચોરસ ફૂટ સરકારી પડતર અથવા ગામતળની જમીનની માહિતી મોકલવા કહ્યું છે. જેના પ્રાથમિક આયોજનમાં ૧૦૦ જેટલા ગામડાઓમાં લાયબ્રેરી બનાવવામાં આવશે. આ માહિતીમાં વિગતવાર જોઈએ તો જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં, સરકારી પડતર અથવા ગામતળની ૨૦૦૦ ચોરસ ફૂટ જમીન લાઈબ્રેરી માટે અલગ જગ્યાની માહિતી માંગવામાં આવી છે. જેમાં દરેક પંચાયતે જમીનનું ક્ષેત્રફળ, સર્વે/પ્રોપર્ટી નંબર, જમીનનો પ્રકાર (સરકારી પડતર કે ગામતળ) અને જરૂરી ટિપ્પણી સહિતની વિગત જણાયેલા ફોર્મેટમાં મોકલવાની રહેશે એવી સૂચના આપવામાં આવી છે.

આ મુદ્દે દાહોદના જિલ્લા વિકાસ અધિકારી સંતોષ લોઢાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના ટ્રાઈબલ સપ્લાન્ટ હેઠળ દાહોદ જિલ્લામાં ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ માટે કુલ ૫૦ + ૫૦ એમ કરીને કુલ ૧૦૦ જેટલી લાઈબ્રેરી બનાવવાની ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ લાઈબ્રેરીઓ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૫ કરોડ રૂપિયા જેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે. દાહોદ જિલ્લાના દરેક ગામડાઓ કે જ્યાં પ્રાથમિક શાળાઓ છે તે ગામડાની અંદર પ્રાથમિક શાળાના કેમ્પસમાં જ આ લાઈબ્રેરીઓ બને જેથી સલામતી અને વીજળી સંબંધી કોઈ સમસ્યા ઊભી ના થાય એ રીતે આયોજન કરવામાં આવી રહ્યું છે. વધુમાં અધિકારીએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાં જ્યાં મોટા ગામ છે, મોટી શાળાઓ છે ત્યાં પ્રાથમિક તબક્કે આ ૧૦૦ જેટલી લાઈબ્રેરી બનાવવામાં આવશે. જેમાં પુસ્તકો અને ફર્નિચર સાથે લાઈબ્રેરી હશે, જેથી ગામડામાં જીપીએસસી-યુપીએસસી જેવી તૈયારી કરનાર વિદ્યાર્થીઓ પણ ત્યાં વાંચન કરી શકે. દરેક લાઈબ્રેરીમાં ૧૦૦ જેટલા લોકો વાંચી શકે એટલી કેપેસિટી હશે. આ ઉપરાંત ભવિષ્યમાં કોઈ લાઈબ્રેરીમાં જગ્યા વધારવાની જરૂર પડે તે ધ્યાન રાખી અને લાઈબ્રેરીનું મકાન એ રીતે બનાવીએ છીએ કે માત્ર ૧૧ લાખના ખર્ચે ઉપર પણ નવો ફ્લોર લઈ શકાય અને લાઈબ્રેરીને સંખ્યા વધારી શકાય. એકાદ અઠવાડિયામાં પ્રક્રિયા શરૂ થઈ જશે અને ત્યારબાદ આ ૧૦૦ બનાવવાનું કામકાજ શરૂ કરવામાં આવશે.

### ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં ભાજપ હાય હાય ના નારા લાગ્યા

। ગાંધીનગર, તા.૬ ।

ગુજરાત સહિત દેશભરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી છે, ત્યારે આજે શુક્રવારે (૫ સપ્ટેમ્બર) ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષક ઉમેદવારો દ્વારા સરકાર સામે મોરચો ખોલી દેવામાં આવ્યો હતો. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ભેગા થયેલા શિક્ષક ઉમેદવારો ભાજપ સરકાર અને શિક્ષણ મંત્રીની સાથે પોતાની માગણી રજૂઆત કરી હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષકોની ભરતી સહિતના મુદ્દે ઉમેદવારો ગાંધીનગર ખાતે આંદોલન પર ઉતરતાં હોય છે, ત્યારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ફરી એકવાર આજે શિક્ષક દિને શિક્ષક ભરતીના ઉમેદવારોએ પોતાના વિવિધ માંગણીને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. શિક્ષક ભરતીના ઉમેદવારો દ્વારા ૧૦,૭૦૦ જેટલી બેઠકો ભરવાની માગ, અનામત નીતિનો અમલ, ખાનગીકરણ-વેપારીકરણ બંધ કરવાની માંગણી સાથે આંદોલન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષક ભરતીના ઉમેદવારો દ્વારા રાજ્ય સરકાર પર આક્રોશ વ્યક્ત કર્યો હતો અને આંદોલનકારીઓ પોસ્ટર સાથે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોળ અને ભાજપ સરકાર હાયના નારા લગાવીને વિરોધ નોંધાવ્યો હતો. આ આંદોલન સાથે સત્યાગ્રહ છાવણી ખાતે કાયમી શિક્ષકોની ભરતીને લઈને અન્ય એક આંદોલન થઈ રહ્યું હતું. જેમાં ચિત્ર, સંગીત, વ્યાયામ, કોમ્પ્યુટર શિક્ષકની સીધી ભરતી કરવાની માગ કરવામાં આવી હતી. આ આંદોલન સાથે સત્યાગ્રહ છાવણી ખાતે કાયમી શિક્ષકોની ભરતીને લઈને અન્ય એક આંદોલન થઈ રહ્યું હતું. જેમાં ચિત્ર, સંગીત, વ્યાયામ, કોમ્પ્યુટર શિક્ષકની સીધી ભરતી કરવાની માગ કરવામાં આવી હતી આંદોલનમાં આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા અને બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા ખુલે આમ સમર્થન કરતાં જોવા મળ્યા હતા. જ્યારે બીજા આંદોલનમાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આંદોલનને સમર્થન આપવા ગાંધીનગર પહોંચ્યા હતા.

### થોડા સમય પહેલા નસબંધી કાંડ સામે આવ્યો હતો

# કડિયાદરા PHC સેન્ટરના કર્મચારીઓએ યુવકને લલચાવી નસબંધી કરી નાંખી




। સાબરકાંઠા, તા.૦૬ ।

રાજ્યમાં મહેસાણા જિલ્લામાં થોડા સમય પહેલા નસબંધી કાંડ સામે આવ્યો હતો. હવે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગનું નસબંધી કૌભાંડ બહાર આવ્યું છે. વિજયનગરના કાલવણમાં વ્યક્તિની જા બહાર નસબંધી કરી નાંખતા હાહાકાર મચી જવા પામ્યો છે. કડિયાદરા PHC સેન્ટરના કર્મચારીઓએ ચાર હજાર રૂપિયાની લાલચ આપીને યુવકની નસબંધી કરી નાંખી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગનું નસબંધી કૌભાંડ સામે આવ્યું છે. વિજયનગર તાલુકાના કડિયાદરા PHC સેન્ટરના કર્મચારીઓએ કાલવણ ગામના દિનેશ નિનામા નામના વ્યક્તિને ચાર હજાર રૂપિયાની લાલચ આપીને નસબંધી કરાવી નાંખી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. દારૂનું સેવન કરાવી કર્મચારીઓએ ટાર્ગેટ પૂરો કર્યો હોવાનો પણ આક્ષેપ કરાયો છે. નસબંધી વાળા પુરુષને ઈન્ફેક્શન થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પરિવારે જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરવા માગ કરી છે. કડિયાદરા PHC સેન્ટરના કર્મચારીઓએ ૧૫ દિવસ અગાઉ વ્યક્તિને દારૂનું સેવન કરાવી લલચાવીને પોતાનો ટાર્ગેટ પૂરો કર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. આ ઘટના બાદ ગામના લોકો સાથે મળીને સ્ટાફના કર્મચારીઓ પીડિતને મેડિકલ ચેકઅપ અર્થે PHC સેન્ટર લઈ ગયા હતાં. PHC સેન્ટરમાં મેડિકલ ચેકઅપ બાદ ઈડરની ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાઈ હતી. લોકોએ એવો આક્ષેપ કર્યો હતો કે, આંતરિયાળ વિસ્તારના લોકોને ભોળવીને કર્મચારીઓ પોતાનો ટાર્ગેટ પૂર્ણ કરી રહ્યાં છે. આ ઘટના બાદ ઈડર તાલુકાના જવાબદારી અધિકારી તાલુકા હેલ્થ ઓફિસર સંપર્ક વિહોણા થયાં છે.

### ભેંસાણમાં મોડી રાત્રે દારૂનું કટિંગ ચાલતુ હતું અને પોલીસ ત્રાટકી

। (એજન્સી) જૂનાગઢ, તા.૬ ।

ભેંસાણના રફાળીયા પાસેના વિસ્તારમાં મધરાતે દારુના કટિંગ સમયે જ સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફે રેડ કરીને ૬૮.૬૪ લાખના વિદેશી દારૂ બિયરની કુલ ૧૫૫૯૩ બોટલ અને કન્ટેનર સહીત છ વાહનો મળીને કુલ રૂ.૧.૧૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને ૯ શખ્સો સામે ગુનો નોધાવ્યો છે. આ દારૂનો જથ્થો અમરેલી અને જેતપુરના અમરનગરના શખ્સે મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢના ભેંસાણ પંથકમાં દારૂનું મોટેપાયે કટિંગ થવાની સ્ટેટ મોનીટરીંગ સેલને હકીકત મળતા ગતરાતે એસએમસીના પી.આઈ. આર.કે. કરમટા અને પીએસઆઈ વી.એન.જાડેજા સહિતના સ્ટાફે વોચ ગોઠવી જેતપુર-વિસાવદર, બગસરા હાઈવે ઉપર ભેંસાણના રફાળીયા ગામથી મારૂતિધામ ગિરનાર આશ્રમ પાસે ડાબી તરફ જતા કાચા વાડીના રસ્તે અંદર અઢી કિલોમીટર ઝાડી-ઝાંખરા વાળા ખુલ્લા પટમાં પોલીસ પહોંચી તો, અહી પોલીસને જોઈને દારુનું કટિંગ કરી રહેલા ઈસમો નાસી ગયા હતા. પોલીસને સ્થળ પરથી એક કન્ટેનર, એક અશોક લેલન્ડ વાહન, એક મહિન્દ્રા એક્સયુવી, એક હુન્ડાઈ આઈ ટ્વેંટી, સ્વિફ્ટ કાર અને ક્રેટા કાર મળીને કુલ છ વાહનો મળી આવ્યા હતા. જયારે સ્થળ પરથી કુલ ૬૮,૬૪,૯૦૦ની કીમતનો વિદેશી દારૂ-બિયરનો ૧૫૫૯૩ બોટલનો જથ્થો મળીને કુલ રૂ.૧૧૬૩૫૯૦૦નો મુદ્દામાલ કબજે કરીને કાર્યવાહી કરી હતી.

### ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને મળશે રાહત

# કેન્સરની ત્રણથી ૪૦ હજાર સુધીની દવા થઈ ટેક્સ ફ્રી

### દવાઓ પર જે ૧૨ ટકાથી ૨૮ ટકા લેવામાં આવતો હતો તે સીધો ૫ ટકા કરી દેવાયો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ: કેન્દ્ર સરકાર દ્વારા ટેક્સ સ્લેબમાં કરવામાં આવેલા ઘટાડાને સર્વત્ર આવકાર મળી રહ્યો છે. ત્યારે આરોગ્યલક્ષી દવાઓમાં પણ જીએસટી કાઉન્સિલ દ્વારા ટેક્સ સ્લેબમાં ઘટાડો કરાયો છે. જે અગાઉ ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા જીએસટી લેવામાં આવતો હતો તે હવે ૫ ટકા કરી દેવાયો છે એટલું જ નહીં કેન્સર જેવી બીમારીઓમાં જીવનરક્ષક દવાઓ પર ઝીરો ટકા ટેક્સ એટલે કે ટેક્સ ફ્રી કરી દેવાઈ છે જેનો સીધો ફાયદો ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓને થશે. ગુજરાત કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ જસુ પટેલે જણાવ્યું કે કેન્સર જેવી બીમારીઓમાં જે ૩ હજારથી માંડીને ૪૦ હજાર સુધીના ડોઝ થતા હતા તેના પર ઝીરો ટકા ટેક્સ કરી દેવાતા દર્દીઓને રાહત થશે. ૧૨થી ૧૫ ટકા દર્દીઓ જે ગંભીર બીમારીથી પીડાય છે તેઓને રાહત થશે. જીએસટી કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણયથી દેશની જનતાને રાહત આપનારા બની રહ્યા છે ખાસ કરીને આરોગ્યલક્ષી દવાઓ પર જે જીએસટી ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા વસૂલવામાં આવતો હતો તે હવે ૫ ટકા કરી દેવાયો છે. જ્યારે જીવનરક્ષક દવાઓ, ઔષધીઓ પર ૧૨ ટકા ટેક્સથી ઘટાડીને શૂન્ય કરી દેવાયો છે. જેમાં કેન્સર જેવી ગંભીર અને દુર્લભ બીમારીઓની ૩ દવાઓ પર ટેક્સ ૫ ટકાથી ઘટાડી ઝીરો કરી દેવાયો છે.કેન્દ્ર સરકારના આ નિર્ણયને ગુજરાત કેમિસ્ટ એસોસિએશને આવકાર્યો છે. ગુજરાત કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ જસુભાઈ પટેલે જણાવ્યું કે કેન્દ્ર સરકારનો આ નિર્ણય અભિનંદનને પાત્ર છે અને તેનો ફાયદો દેશની ૧૪૦ કરોડની જનતાને થશે. દવાઓ પર જે ૧૨ ટકાથી ૨૮ ટકા લેવામાં આવતો હતો તે સીધો ૫ ટકા કરી દેવાયો છે. તેમજ જે ભારતમાં ૧૨થી ૧૫ ટકા લોકો કેન્સરની બીમારીથી પીડાય છે તેની દવાઓ પર ટેક્સ ઝીરો કરી નાખ્યો છે. જેના કારણે દવાઓની એમઆરપી ઘટશે. જોકે આ સાથે તેઓએ જણાવ્યું કે જે રીતે અત્યારે પ્રાઈઝ ટુ સ્ટોકીસ્ટથી ટેક્સ લેવામાં આવે છે તેની જગ્યાએ એમઆરપી પર ટેક્સ લેવામાં આવે તો હજુ પણ દવાઓ ખૂબ સસ્તી થશે અને ગરીબ મધ્યમ વર્ગને તેનો બહુ મોટો ફાયદો થશે. જે રીતે દવાઓની એમઆરપી ખૂબ ઊંચી છે કેટલીક એવી દવાઓ છે તેની પડતર કિંમત કરતા એમઆરપી ખૂબ મોટી આપવામાં આવે છે તેમાં સરકારને કે ગ્રાહકોને ફાયદો થતો નથી.

# જુનાગઢની હોસ્ટેલમાં સગીર વિદ્યાર્થી સાથે છુટ્ટા હાથની મારામારી

। (એજન્સી) જુનાગઢ, તા.૬ ।

જૂનાગઢની એક ખાનગી શાળાની હોસ્ટેલમાં વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા માર મારતા હોવાની ઘટના સામે આવતા ખળભળાટ મચ્યો છે. સમગ્ર ઘટના પોલીસ સ્ટેશન પહોંચી છે. જ્યારે પોલીસ અને શિક્ષણ વિભાગે તપાસના આદેશ આપ્યા છે. જૂનાગઢના મધુરમ ચોકડી નજીક આવેલ આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં પાંચથી છ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા એક વિદ્યાર્થીને માર મારતા હોવાનો વીડિયો વાયરલ થતા ચકચાર મચી છે. વીડિયોમાં ભોગ બનનાર વિદ્યાર્થીના વાલીના ધ્યાન પર આવતા તે શાળાએ દોડી આવ્યા હતા. તેમજ શાળા સંચાલક અને હોસ્ટેલ સંચાલકો સામે બેદરકારીના આક્ષેપો કર્યા છે. દોઢ મહિના પહેલા ઘટના બની હોવા છતાં ભોગ બનનાર વિદ્યાર્થીના પરિવારને ઘટનાની જાણ જ કરવામાં નહોતી આવી અને ઘટના રફે દફે કરવાનો પ્રયાસ હોસ્ટેલ સંચાલકો દ્વારા કર્યો હતો. આ સમગ્ર ઘટનાના પગલે પરિવારજનો દ્વારા હોસ્ટેલ ખાતે પહોંચ્યા હતા અને જ્યાં આ ઘટનાને લઈને રોષ ઠાલવ્યો હતો. હોસ્ટેલ અને સ્કૂલ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પરિવારજનો દ્વારા કરવામાં આવી છે તેમ જ પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ શરૂ કરાય છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, એક વિદ્યાર્થીને ચાર જેટલા વિદ્યાર્થીઓ દ્વારા માર મારવામાં આવ્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા પોલીસ પણ એક્શનમાં આવી છે. પોલીસ દ્વારા વાલી ભોગ બનનાર વિદ્યાર્થીઓના નિવેદન લેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગત ૨૬ જુલાઈના રોજ ઘટના બની હતી. જેમાં ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ વચ્ચે રમતગમત બાબતે બબાલ થઈ હતી અને બાદમાં રૂમમાં રહેતા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા એક વિદ્યાર્થીને ઢોર મારવામાં આવ્યો છે. ઘટનાના પગલે વિદ્યાર્થીના વાલીઓ દ્વારા પાંચ જેટલા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવા સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રિપોર્ટ આપવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓ સગીર હોવાથી જુવેનાઈલ જસ્ટિસ એક તો મુજબ કાર્યવાહી શરૂ કરાઈ છે.. આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં થયેલ ઘટના મામલે શાળા સંચાલક દ્વારા ખુલાસો કરવામાં આવ્યો હતો આ ઘટના સ્કૂલમાં નહીં પરંતુ હોસ્ટેલમાં બની છે અને હોસ્ટેલ આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ભાડે આપવામાં આવી છે અને તમામ જવાબદારી હોસ્ટેલ સંચાલકોની રહે છે તેવું નિવેદન આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલના સંચાલક જી.પી. કાઠીએ આપ્યું હતું.